सत्यमेव जयते

**GOVERNMENT OF GUJARAT**

**LEGISLATIVE AND PARLIAMENTARY AFFAIRS DEPARTMENT.**

# GUJARAT ACT NO. 18 OF 1973.

# The Gujarat Secondary and Higher Secondary Education Act, 1972.

[As modified upto the 30th June, 2010]

ગુજરાત સરકાર

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

**સન ૧૯૭૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૮.**

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨.**

(સન ૨૦૧૦ના જૂન મહિનાની ૩૦મી તારીખ સુધી સુધાર્યા મુજબ)

# The Gujarat Secondary and Higher Secondary Education Act, 1972.
# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨

અનુક્રમણિકા


| પ્રસ્તાવના કલમો | | નંબર |
|---|---|---|
| | **પ્રકરણ ૧** | |
| | **પ્રારંભિક** | |
| ૧. | ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ. | ૧ |
| ૨. | વ્યાખ્યા. | ૧ |
| | **પ્રકરણ ૨** | |
| | **બોર્ડની રચના, તેનું સંસ્થાપન અને સત્તા** | |
| ૩. | બોર્ડની રચના અને સંસ્થાપન. | ૩ |
| ૪. | બોર્ડના મુખ્ય મથકો. | ૬ |
| ૫. | અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ અને નામ નિયુક્ત કરેલ સભ્યોના હોદ્દાની મુદત અને તેમની સેવાની શરતો. | ૬ |
| ૬. | બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત. | ૬ |
| ૭. | અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષની જગા કામચલાઉ ખાલી પડવા બાબત. | ૬ |
| ૮. | બોર્ડના અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ અને સભ્યોની ગેરલાયકાતો. | ૬ |
| ૯. | ગેરલાયકાતને લીધે સભ્યની જગા ખાલી પડવા બાબત. | ૭ |
| ૧૦. | પરવાનગી વિના ગેરહાજર રહેવાને લીધે સભ્યની જગા ખાલી પડવા બાબત. | ૭ |
| ૧૧. | જગા ખાલી પડવા અંગેના પ્રશ્નનો નિર્ણય. | ૭ |
| ૧૨. | જગા ખાલી પડે, તો તે જાહેર કરવા બાબત. | ૭ |
| ૧૩. | સભ્યનું રાજીનામું. | ૭ |
| ૧૪. | સભ્યને દૂર કરવા બાબત. | ૮ |
| ૧૫. | બોર્ડની બેઠકો. | ૮ |
| ૧૬. | બેઠકમાં નિષ્ણાતો અને અધિકારીઓને નિમંત્રણ આપવાની સત્તા. | ૮ |
| ૧૭. | બોર્ડની સત્તા અને ફરજો. | ૮ |
| ૧૮. | સમિતિઓ. | ૧૧ |
| ૧૯. | અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષની સત્તા. | ૧૨ |
| ૨૦. | બોર્ડના સચિવની અને સંયુક્ત અને મદદનીશ સચિવોની નિમણૂક, સત્તા અને ફરજો. | ૧૨ |
| ૨૧. | બોર્ડના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ. | ૧૨ |
| ૨૨. | બોર્ડના સચિવ, સંયુક્ત અથવા મદદનીશ સચિવ અને કર્મચારીઓના પગાર અને ભથ્થાં અને સેવાની બીજી શરતો. | ૧૩ |
| | **પ્રકરણ ૩** | |
| | **નાણા, હિસાબ અને ઓડિટ** | |
| ૨૩. | બોર્ડનું ફંડ, તેની કસ્ટડી અને તેનું રોકાણ. | ૧૩ |
| ૨૪. | બોર્ડ ફંડમાંથી પગાર, પેન્શન વગેરે પેટે ખર્ચ આપવા બાબત. | ૧૩ |
| ૨૫. | બોર્ડને ગ્રાન્ટ. | ૧૩ |
| ૨૬. | નાણાં ઉછીના લેવાની બોર્ડની સત્તા. | ૧૩ |
| ૨૭. | ફંડનો ઉપયોગ. | ૧૩ |
| ૨૮. | ફંડમાંથી નાણાં કેવી રીતે ઉપાડવા. | ૧૪ |
| ૨૯. | વાર્ષિક બજેટ-અંદાજો તૈયાર કરવા બાબત. | ૧૪ |
| ૩૦. | વાર્ષિક હિસાબ અને ઓડિટ. | ૧૪ |

## પ્રકરણ ૪
## રજિસ્ટ્રેશન


| | | |
|---|---|---|
| ૩૧. | રજિસ્ટ્રેશન વિના માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપવા સામે પ્રતિબંધ. | ૧૪ |
| ૩૨. | રજિસ્ટર અદ્યતન રાખવા બાબત. | ૧૫ |


## પ્રકરણ ૫
## વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવા બાબત


| | | |
|---|---|---|
| ૩૩. | રજિસ્ટર થયેલી શાળાઓનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવા બાબત. | ૧૬ |


## પ્રકરણ ૬
## રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓમાં સેવા સંબંધી જોગવાઈઓ


| | | |
|---|---|---|
| ૩૪. | રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળામાં અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળામાં નીમેલી વ્યક્તિઓની ભરતી અને તેમની સેવાની શરતો. | ૧૭ |
| ૩૫. | શિક્ષકો અને આચાર્યો વગેરેની પસંદગી. | ૧૭ |
| ૩૬. | અમુક વ્યક્તિઓની બરતરફી, પદ્ચ્યુતિ અને પાયરી ઉતાર. | ૧૮ |
| ૩૭. | અમુક કરારો રદ બાતલ ગણાશે. | ૧૮ |
| ૩૮. | ટ્રિબ્યુનલે તકરારનો નિર્ણય કરવા બાબત. | ૧૮ |
| ૩૯. | ટ્રિબ્યુનલ. | ૧૮ |
| ૪૦. | કોર્ટની હકૂમતને બાધ. | ૧૯ |
| ૪૦-ક. | અપવાદ. | ૨૦ |


## પ્રકરણ ૭
## ગુના અને શિક્ષા


| | | |
|---|---|---|
| ૪૧. | નિમણૂક સામે પ્રતિબંધ. | ૨૦ |
| ૪૨ | અમુક જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા માટે શિક્ષા. | ૨૦ |
| ૪૩. | અમુક દસ્તાવેજોની વિગતો પ્રગટ કરવા માટેની શિક્ષા. | ૨૦ |
| ૪૪. | શાળા બંધ કરવા સામે પ્રતિબંધ. | ૨૦ |


## પ્રકરણ ૮
## પ્રકીર્ણ


| | | |
|---|---|---|
| ૪૫. | પ્રસંગોપાત જગાઓ ખાલી પડવા બાબત. | ૨૧ |
| ૪૬. | જગા ખાલી હોવાને કારણે અથવા રચનામાં ખામી હોવાને કારણે કાર્યો અને કાર્યવાહી અમાન્ય ઠરશે નહિ. | ૨૧ |
| ૪૭. | બોર્ડે માહિતી, પત્રકો વગેરે પૂરા પાડવા બાબત. | ૨૧ |
| ૪૮. | આદેશો કાઢવાની રાજ્ય સરકારની સત્તા. | ૨૧ |
| ૪૯. | અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ વગેરે રાજ્ય સેવકો ગણાશે. | ૨૨ |
| ૫૦. | શુધ્ધબુધ્ધિથી કરેલા કાર્યો માટે ક્ષતિપૂર્તિ. | ૨૨ |
| ૫૧. | અમુક સંજોગોમાં બોર્ડનું વિસર્જન અથવા તેને રદ કરવા બાબત. | ૨૨ |
| ૫૨. | મુક્તિ. | ૨૨ |
| ૫૩. | વિનિયમો કરવાની બોર્ડની સત્તા. | ૨૨ |
| ૫૪. | પ્રથમ વિનિયમો. | ૨૩ |
| ૫૫. | ઉપનિયમો કરવાની બોર્ડની સત્તા. | ૨૩ |
| ૫૬. | શંકાના કિસ્સામાં અર્થઘટન. | ૨૩ |
| ૫૭. | રદ કરવા બાબત અને અપવાદ. | ૨૩ |
| ૫૮. | મુશ્કેલીઓ નિવારવાની સત્તા. | ૨૪ |
| ૫૯. | રાજ્યની અમુક યુનિવર્સિટીઓ સંબંધી અધિનિયમોની અમુક જોગવાઈઓનો સુધારો. | ૨૪ |
| | અનુસૂચિ. | ૨૫ |

# સન ૧૯૭૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૮[1]*

[ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ,૧૯૭૨]

[૨૮મી સપ્ટેમ્બર, ૧૯૭૩].

સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૨૫થી સુધારેલો.

સન ૧૯૭૮ના ગુજરાત અધિનિયમ ૩૨થી સુધારેલો.

સન ૧૯૮૩ના ગુજરાત અધિનિયમ ૮થી સુધારેલો.

સન ૧૯૯૭ના ગુજરાત અધિનિયમ ૩થી સુધારેલો.

સન ૧૯૯૯ના ગુજરાત અધિનિયમ ૧થી સુધારેલો.

સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪થી સુધારેલો.

સન ૨૦૧૦ના ગુજરાત અધિનિયમ ૨થી સુધારેલો.

**ગુજરાત રાજયમાં માધ્યમિક [2][અને ઉચ્ચતર માધ્યમિક] શિક્ષણનું નિયમન કરવાની જોગવાઈ કરવા અને તે હેતુ માટે બોર્ડ સ્થાપવા બાબત અધિનિયમ.**

આથી ભારતના ગણરાજ્યના ત્રેવીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે.-

## પ્રકરણ - ૧

## પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત માધ્યમિક [3][અને ઉચ્ચતર માધ્યમિક] શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨' કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે સમગ્ર ગુજરાત રાજયમાં લાગુ પડે છે.

(૩) આ કલમ તુરત અમલમાં આવશે; અને આ અધિનિયમની બાકીની જોગવાઈઓ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને નક્કી કરે તે તારીખે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સદરહુ સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો :- વ્યાખ્યા.

(ક) 'નિયત દિવસ' એટલે જે તારીખે આ અધિનિયમની બાકીની જોગવાઈઓ કલમ ૧ ની પેટા-કલમ (૩) હેઠળ અમલમાં આવે તે તારીખ;

(ખ) "બોર્ડ" એટલે કલમ ૩ હેઠળ સ્થાપવામાં આવેલું ગુજરાત માધ્યમિક [4][અને ઉચ્ચતર માધ્યમિક] શિક્ષણ બોર્ડ ;

(ગ) "ઉપ-નિયમો" એટલે કલમ ૫૫ હેઠળ બોર્ડે કરેલા ઉપ-નિયમો ;

(ઘ) "અધ્યક્ષ" એટલે બોર્ડના અધ્યક્ષ ;

(ચ) "સમિતિ" એટલે કલમ ૧૮ હેઠળ નીમવામાં આવેલી સમિતિ ;

(છ) "નાયબ અધ્યક્ષ" એટલે બોર્ડના નાયબ અધ્યક્ષ ;

(જ) "બાંયધરી આપેલો સ્ટાફ" એટલે શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યોના બનેલા જે સ્ટાફની સરકારી માધ્યમિક શાળાની [5][અથવા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાની] સેવાની શરતો અંગે, રાજ્ય સરકારે, તેમની ખાનગી માધ્યમિક શાળામાં [6][અથવા ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળામાં] બદલી થયે, બાંયધરી આપી હોય તે સ્ટાફ ;

---

૧ આ અધિનિયમને સન ૧૯૭૩ના સપ્ટેમ્બર મહિનાની ૨૮મી તારીખે રાષ્ટ્રપતિએ અનુમતિ આપી હતી.
ઉદેશો અને કારણો માટે જુઓ તારીખ ૧૦મી ઓગષ્ટ, ૧૯૭૨નું ગુજરાત રાજપત્ર (અંગ્રેજીમાં) અસાધારણ ભાગ ૫, પાનું ૨૪૧ અને પ્રવર સમિતિના અહેવાલ માટે જુઓ તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૭૩નું ગુજરાત રાજપત્ર અસાધારણ ભાગ ૫, પાનું ૨.

૨ સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૨થી આ શબ્દો દાખલ કર્યા છે.

૩ એજનની કલમ ૩થી આ શબ્દો દાખલ કર્યા છે.

૪ એજનની કલમ ૪ (૧)થી આ શબ્દો દાખલ કર્યા છે.

૫ એજનની કલમ ૪ (૨)(૧)થી આ શબ્દો દાખલ કર્યા છે.

૬ એજનની કલમ ૪(૨)(૨)થી આ શબ્દો દાખલ કર્યા છે.

(ઝ) "આચાર્ય" એટલે માધ્યમિક શાળાના [1][અથવા ઉચ્ચતર માધ્યમિક શાળાના] શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના વડા, પછી તેના હોદ્દાને ગમે તે નામ આપવામાં આવ્યું હોય ;

[2][(ઝઝ) "ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ" એટલે અગિયારમા ધોરણથી બારમા ધોરણ સુધીનું ઉત્તર બુનિયાદી શિક્ષણ સહિતનું શિક્ષણ ;

(ઝઝઝ) "ઉચ્ચતર માધ્યમિક શાળા" એટલે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપતી શાળા ;

(ઝઝઝઝ) "ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા" એટલે બારમા ધોરણના વિદ્યાર્થીઓની પરીક્ષા ;]

સન ૧૯૬ ગુજરાતનો સન ૧૯૪ મુંબઈ નો

(ટ) "છાત્રાલય" એટલે રજિસ્ટર થયેલી કોઈ શાળાથી નિભાવાતું વિદ્યાર્થીઓના નિવાસનું એકમ ;

(ઠ) કોઈ શાળાના સંબંધમાં "સંચાલક" એટલે શાળાનું નિયંત્રણ અથવા વહીવટ જેને હસ્તક હોય તે વ્યકિત અથવા વ્યકિતઓનું મંડળ ;

(ડ) "બિન-શૈક્ષણિક સ્ટાફ" એટલે શિક્ષણ સિવાયની કોઈ ફરજ અથવા કાર્ય બજાવવા નીમવામાં આવે તેવો રજિસ્ટર થયેલો શાળાનો સ્ટાફ ;

(ઢ) "ઉત્તર-બુનિયાદી શિક્ષણ" એટલે ઉત્પાદનલક્ષી ઉદ્યોગ દ્વારા અપાતું માધ્યમિક શિક્ષણ [3][અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ] ;

(ત) "ઉત્તર-બુનિયાદી શાળા" એટલે ઉત્તર બુનિયાદી શિક્ષણ આપતી શાળા ;

(થ) "ઠરાવેલું" એટલે વિનિયમોથી ઠરાવેલું ;

[4][(થથ) "ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા" એટલે કેન્દ્ર અથવા રાજ્ય સરકારની માલિકીની, તેના દ્વારા ચલાવાતી અથવા તેના દ્વારા પુરસ્કૃત ન હોય તેવી ઉચ્ચતર માધ્યમિક શાળા ;]

(દ) "ખાનગી માધ્યમિક શાળા" એટલે જે કોઈ માધ્યમિક શાળા કેન્દ્ર અથવા રાજ્ય સરકારની માલિકીની ન હોય જેનો વહીવટ કેન્દ્ર અથવા રાજ્ય સરકાર કરતી ન હોય અથવા જે કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા સંચાલિત ન હોય તે માધ્યમિક શાળા ;

(ધ) "સંરક્ષિત શિક્ષક" એટલે, જે કોઈ વ્યકિત સન ૧૯૬૫ના માર્ચ મહિનાની ર૯મી તારીખ પહેલાં માધ્યમિક શિક્ષણનો ભાગ બનેલા પાંચથી સાત સુધીના કોઈપણ ધોરણમાં કોઈપણ વિષય કોઈ શાળામાં સદરહુ તારીખ પહેલાં શીખવતી હોય અને જેણે સદરહુ તારીખ પછી પ્રાથમિક શિક્ષણનો ભાગ બનતાં એવા કોઈપણ ધોરણમાં કોઈપણ વિષય કોઈ શાળામાં શીખવવાનું ચાલુ રાખ્યું હોય અને જેના પગાર અને પગાર ધોરણ અંગેના હકોનું, રાજ્ય સરકારના હુકમથી રક્ષણ કરવામાં આવ્યું હોય તે વ્યકિત ;

(ન) "માન્ય શાળા" એટલે ગુજરાત રાજ્યના શિક્ષણ નિયામકે અથવા આ માટે તેણે અધિકૃત કરેલા અધિકારીએ માન્ય કરેલી કોઈ માધ્યમિક શાળા અથવા ઉત્તર બુનિયાદી શાળા અથવા કોઈપણ યુનિવર્સિટીએ રજિસ્ટર કરેલ હાઈસ્કૂલ ;

(પ) "રજિસ્ટર" એટલે ગુજરાત રાજ્ય માટે માધ્યમિક શાળાઓનું [5][અથવા ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું] આ અધિનિયમ હેઠળ તૈયાર કરીને રાખવામાં આવતું રજિસ્ટર ;

(ફ) "રજિસ્ટર થયેલી શાળા" એટલે કલમ ૩૧ હેઠળ બોર્ડે રજિસ્ટર કરેલી માધ્યમિક શાળા [6][અથવા ઉચ્ચતર માધ્યમિક શાળા] અથવા ઉત્તર-બુનિયાદી શાળા ;

(બ) "વિનિયમો" એટલે કલમ ૫૩ અથવા ૫૪ હેઠળ કરેલા વિનિયમો ;

[7][(ભ) "માધ્યમિક શિક્ષણ" એટલે [8][નવમા ધોરણથી] દસમા ધોરણ સુધીનું ઉત્તર બુનિયાદી શિક્ષણ સહિતનું શિક્ષણ ;]

(મ) "માધ્યમિક શાળા" એટલે માધ્યમિક શિક્ષણ આપતી શાળા ;

[9][(ય) "માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા" એટલે દસમા ધોરણના વિદ્યાર્થીઓની પરીક્ષા ;]

---

૧ સન ર૦૦રના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૪(૩)થી આ શબ્દો દાખલ કર્યા છે.

ર એજનની કલમ ૪(૪)થી ખંડ (ઝ) પછી આ ખંડો દાખલ કર્યા છે.

૩ એજનની કલમ ૪(૫)થી આ શબ્દો દાખલ કર્યા છે.

૪ એજનની કલમ ૪(૬)થી ખંડ (થ) પછી નવો ખંડ (થથ) દાખલ કર્યો છે.

૫ એજનની કલમ ૪(૭)થી આ શબ્દો દાખલ કર્યા છે.

૬ એજનની કલમ ૪(૮)થી આ શબ્દો દાખલ કર્યા છે.

૭ એજનની કલમ ૪(૯)થી ખંડ (ભ) ને બદલે, આ ખંડ મૂકયો છે.

૮ સન ર૦૧૦ના ગુજરાત અધિનિયમ-ર, ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ, ર૦૧૦ની કલમ ૪(૧)થી "આઠમા ધોરણથી" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૯ એજનની કલમ-૪ (૧૦) થી ખંડ (ય) અને તેની હેઠળના સ્પષ્ટીકરણને બદલે, આ ખંડ મૂકયો છે.

(ર) "શિક્ષક" એટલે રજિસ્ટર થયેલી શાળાનો શિક્ષક પણ તેમાં આચાર્યનો સમાવેશ થતો નથી;

(લ) "ટ્રિબ્યુનલ" એટલે કલમ ૩૯ હેઠળ રચવામાં આવેલી ટ્રિબ્યુનલ ;

(વ) "યુનિવર્સિટી" એટલે ગુજરાત રાજ્યમાં કોઈ કાયદાથી સ્થાપેલી યુનિવર્સિટી ;

સન ૧૯૬૧નો ગુજરાતનો ૪૧મો. સન ૧૯૪૭નો મુંબઈ નો ૬૧મો.

(કક) "પ્રાથમિક શિક્ષણ" એ શબ્દનો અર્થ, [1][ * * * * ]. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ,૧૯૪૭માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

## પ્રકરણ ર

## બોર્ડની રચના, તેનું સંસ્થાપન અને સત્તા

બોર્ડની રચના અને સંસ્થાપન.

૩. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આ માટે જાહેર કરે તે તારીખે અને ત્યારથી આ અધિનિયમના હેતુઓ માટે "ગુજરાત માધ્યમિક [2][અને ઉચ્ચતર માધ્યમિક] શિક્ષણ બોર્ડ" એ નામનું એક બોર્ડ સ્થાપવામાં આવશે. બોર્ડ સંસ્થાપિત મંડળ રહેશે અને તેને શાશ્વત ઉત્તરાધિકાર અને એક સામાન્ય સીલ રહેશે અને સદરહુ નામે તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે અને તેને જંગમ અને સ્થાવર, એ બન્ને પ્રકારની મિલકત સંપાદન કરવાની, તે ધરાવવાની અને તેનો નિકાલ કરવાની અને કરાર કરવાની અને આ અધિનિયમના હેતુઓ માટે બીજા તમામ જરૂરી કાર્યો કરવાની સત્તા રહેશે.

(ર) બોર્ડ, રાજ્ય સરકાર નીમે તે અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષનું અને નીચેના સભ્યોનું બનશે.

### વર્ગ-ક હોદ્દાની રૂએ સભ્યો.

[3][(૧) ઉચ્ચ શિક્ષણ કમિશનર.

(ર) શાળા અને મધ્યાહ્ન ભોજન કમિશનર.

(૩) ટેકનિકલ શિક્ષણ નિયામક.

(૪) સંયુક્ત નિયામક (૧૦+ર).

(૫) પ્રાથમિક શિક્ષણ નિયામક.

(૬) નિયામક, ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ.

(૭) નિયામક, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ.

(૮) નિયામક, રોજગાર અને તાલીમ.

(૯) રાજ્ય સરકાર દ્વારા મુકરર કરવામાં આવે તેવા નાયબ સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા શિક્ષણ વિભાગના બે અધિકારીઓ.

(૧૦) અધ્યક્ષ, રાજ્ય પરીક્ષા બોર્ડ.

(૧૧) અધ્યક્ષ, ટેકનિકલ શિક્ષણ બોર્ડ.

(૧ર) સચિવ, ઉત્તર બુનિયાદી શિક્ષણ બોર્ડ.

(૧૩) પરીક્ષા નિયામક, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.

(૧૪) નિયામક, ગુજરાત રાજ્ય શૈક્ષણિક ટેકનોલોજી સંસ્થા.

(૧૫) ખાસ ફરજ પરના અધિકારી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ:]

પરંતુ ઉપર જણાવેલા હોદ્દાઓ પૈકી કોઈ હોદ્દાવાળી જગા ન હોય, તો રાજ્ય સરકાર, તત્સમાન જગા ધરાવતા જે અધિકારી સામાન્ય રીતે એવી જગાને લગતી બાબત અંગે કામગીરી કરતા હોય તે અધિકારીને નિર્દેશી શકશે.

---

૧ સન ૨૦૧૦ના ગુજરાત અધિનિયમ ૨, ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૦ની કલમ ૪ (૨)થી "ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧ અને" એ શબ્દો અને આંકડા કમી કર્યા છે.

૨ સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ-૫ (૧) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૩ એજનની કલમ ૫(૨)(ક)થી "વર્ગ-ક હોદ્દાની રૂએ સભ્યો" એ શીર્ષક હેઠળ ખંડો (૧) થી (૧૦) ને બદલે, આ ખંડો મૂકયા છે.

## વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યો

(૧) દરેક યુનિવર્સિટીની અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની, યથાપ્રસંગ, કલમ ૨ના ખંડ (છ)ની અથવા કલમ ૩ની જોગવાઈઓ અનુસાર કેન્દ્ર સરકારે યુનિવર્સિટીઓ તરીકે જાહેર કરેલી સંસ્થાઓની એકેડેમિક કાઉન્સિલના સભ્યોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય. સન ૧૯૫૬નો ૩જો.

પરંતુ કોઈ યુનિવર્સિટીમાં કોઈ એકેડેમિક કાઉન્સિલ ન હોય અથવા યુનિવર્સિટી તરીકે માન્ય અથવા જાહેર કરેલી હોય તેવી સંસ્થા ન હોય, તો યુનિવર્સિટીનું અધિકારી મંડળ અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકાર આ અર્થે માન્ય કરે તેવી, સંસ્થા આ ખંડના હેતુ માટે, એવી યુનિવર્સિટી અથવા યથાપ્રસંગ, સંસ્થાની એકેડેમિક કાઉન્સિલ છે એમ ગણાશે.

(૨) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના આચાર્યોએ, પોતાનામાંથી ચૂંટેલા પાંચ સભ્યો.

(૩) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના આચાર્યોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય.

(૪) ઉત્તર બુનિયાદી શાળાઓના સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટેલા પાંચ સભ્યો.

(૫) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય.

(૬) માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજો અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજોના પ્રિન્સિપાલોએ પોતાનામાંથી ઠરાવવામાં આવે તે રીતે ચૂંટેલો એક સભ્ય.

[૧][(૬ક) રજિસ્ટર થયેલ ખાનગી માધ્યમિક શાળાઓના બિન-શૈક્ષણિક સ્ટાફે પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય.]

[૨][(૬-કખ) રજિસ્ટર થયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન-શૈક્ષણિક સ્ટાફે પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય.

**સ્પષ્ટીકરણ** :- ખંડો (૪-ક) અને (૪-કખ) હેઠળ ચૂંટાયેલ સભ્ય, શિક્ષકો અને પ્રિન્સિપાલો માટેની શાળા સ્ટાફ પસંદગી સમિતિના સભ્ય તરીકે નામ-નિયુક્ત થવાને પાત્ર થશે નહિ;]

[૩][(૬કક) રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક સ્ટાફે પોતાનામાંથી ચૂંટેલા ત્રણ સભ્યો].

[૪][(૬-કકક) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોમાંથી ચૂંટાયેલ એક સભ્ય].

[૫][(૭) મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ રજિસ્ટર થયેલી, રજિસ્ટર્ડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકોના પ્રતિનિધિઓએ, ઠરાવવામાં આવે તેવી રીતે પોતાનામાંથી ચૂંટેલા ચાર સભ્યો.]. સન ૧૮૬૦નો ૨૧મો.

[૬][(૮) * * * * ] સન ૧૯૫૦નો મુંબઈનો ૨૯મો.

---

૧ સન ૧૯૮૩ના ગુજરાત અધિનિયમ-૮ની કલમ-૨ થી ખંડ (૬ક) દાખલ કર્યો છે.

૨ સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૫(૨)(ખ)(૧)થી ખંડ (૬-ક) પછી આ ખંડ (૬-કખ) અને તે હેઠળનું સ્પષ્ટીકરણ દાખલ કર્યાં છે.

૩ સન ૧૯૯૭ના ગુજરાત અધિનિયમ ૩ની કલમ ૨(૧) થી આ ખંડ (૬-કક) દાખલ કર્યો છે.

૪ સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૫(૨)(ખ)(૨) થી ખંડ (૬-કક) પછી આ ખંડ (૬-કકક) દાખલ કર્યો છે.

૫ એજનની કલમ ૫(૨) (ખ)(૩)થી અસલને બદલે, આ ખંડ મૂક્યો છે.

૬ એજનની કલમ ૫(૨)(ખ)(૪)થી ખંડ (૮) કમી કર્યો છે.

(૯) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓના [1][અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના] વાલીઓના એસોસિયેશનના પ્રમુખોએ પોતાનામાંથી ચૂંટેલા ત્રણ સભ્યો.

**સ્પષ્ટીકરણ**.- આ ખંડમાં,-

(૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના [1][અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના]સંબંધમાં "વાલીઓનું એસોસિયેશન" એટલે નિયત દિવસે અથવા તે પછી, તે શાળાના આચાર્યે રચેલું અને માન્ય કરેલું તે શાળાના વિદ્યાર્થીઓના માતાપિતા અને વાલીઓનું એસોસિયેશન;

(૨)(ક) જેના પ્રમુખ, આચાર્ય, શિક્ષક, સંચાલક અથવા સંચાલક મંડળ અથવા શાળાનું સંચાલન કરતા અન્ય મંડળના સભ્ય હોય તે વાલીઓના એસોસિયેશનના સંબંધમાં "પ્રમુખ" એટલે યથાપ્રસંગ એવા આચાર્ય, શિક્ષક, સંચાલક અથવા સભ્ય સિવાયના જે બીજા કોઇ સભ્યને, એસોસિયેશન લેખિત રીતે અધિકૃત કરે તે સભ્ય; અને

(ખ) વાલીઓના એસોસિયેશ[illegible] પ્રમુખ પોતે ગેરહાજર હોય અથવા કામગીરી બજાવી શકે તેમ ન હોય, તો આ ખંડ હેઠળ કોઇ સભ્ય ચૂંટવાના હેતુ માટે, પ્રમુખ એટલે એસોસિયેશન તે હેતુ માટે લેખિત રીતે અધિકૃત કરે તેવો તે એસોસિયેશનનો બીજો કોઇ સભ્ય.

[2][(ગ) વાલીઓના એસોસિયેશનનો સભ્ય, તેના સંતાનનું માધ્યમિક અથવા યથાપ્રસંગ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ થયે, આવા સભ્ય તરીકે હોતો બંધ થશે.]

(૧૦) ક્રમિક મતપધ્ધતિથી પ્રમાણસર પ્રતિનિધિત્વમાં ગુજરાત વિધાનસભાએ પોતાના સભ્યોમાંથી ચૂંટેલા પાંચ સભ્યો :

પરંતુ આ વર્ગના ખંડો (૨) અને (૪) ના હેતુઓ માટે, રાજ્યની ઉત્તર - બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓને રાજ્ય સરકારે પાંચ જૂથોમાં એવી રીતે વખતોવખત ગોઠવવી કે કોઇપણ એક જૂથમાં એવી શાળાઓની સંખ્યા, લગભગ, રાજ્યની આવી શાળાઓની કુલ સંખ્યાના વીસ ટકા જેટલી થાય અને એવા દરેક જૂથમાંની આવી શાળાઓના આચાર્યોએ અથવા યથાપ્રસંગ શિક્ષકોએ એક સભ્ય ચૂંટવો જોઇશે.

[3][વધુમાં ખંડ(૬-કક)ના હેતુ માટે રાજ્ય સરકારે, રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, રાજ્યને ત્રણ પ્રદેશમાં વિભાજિત કરવું જોઇશે, જેથી શક્ય હોય તેટલે સુધી એ દરેક પ્રદેશમાં સમાવિષ્ટ વિસ્તારોમાં રજિસ્ટર થયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સરખી સંખ્યા તેમાં થાય અને આવા દરેક પ્રદેશમાંની રજિસ્ટર થયેલ માધ્યમિક શાળાઓના શૈક્ષણિક સ્ટાફે, એક સભ્ય ચૂંટવો જોઇશે.]

વધુમાં ખંડ(૯)ના હેતુ માટે રાજ્ય સરકારે, રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, રાજ્યને ત્રણ પ્રદેશમાં વિભાજિત કરવું, જેથી શક્ય હોય તેટલે સુધી એ દરેક પ્રદેશમાં સમાવિષ્ટ કરેલા વિસ્તારોની અંદર રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓની [4][અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓની] સરખી સંખ્યા તેમાં થાય અને એવા દરેક પ્રદેશમાં વાલીઓના એસોસિયેશનના પ્રમુખોએ એક સભ્ય ચૂંટવો જોઇશે;

વધુમાં કોઇ વ્યક્તિ, એકેડેમિક કાઉન્સિલના અથવા જે સંસ્થાએ તેને ચૂંટી હોય તેના સભ્ય તરીકે રહેતી બંધ થાય અથવા રજિસ્ટર થયેલી શાળાના આચાર્ય અથવા શિક્ષક તરીકે અથવા માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજ અથવા [5][સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજના પ્રિન્સિપાલ તરીકે અથવા રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના [6][રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના] બિન-શૈક્ષણિક સ્ટાફના અથવા રજિસ્ટર થયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે] [7][રજિસ્ટર થયેલી શાળાઓના] સંચાલકોના પ્રતિનિધિ તરીકે અથવા વાલીઓના એસોસિયેશનના પ્રમુખ અથવા યથા પ્રસંગ ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે રહેતી બંધ થાય, તો તે વ્યક્તિ બોર્ડના સભ્ય તરીકે હોદ્દો ધરાવતી બંધ થશે.

---

૧. સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૫(૨)(ખ)(૫)થી આ શબ્દો દાખલ કર્યા છે.
૨. એજનની કલમ ૫(૨) (ખ) (૬)થી પેટા-પરિચ્છેદ (ખ) પછી, નવો પેટ-પરિચ્છેદ (ગ) ઉમેર્યો છે.
૩. સન ૧૯૯૭ના ગુજરાત અધિનિયમ ૩ની કલમ ૨(૨)થી આ પરંતુક દાખલ કરેલ છે.
૪. સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૫(૨)(ખ)(૭)(૧)થી આ શબ્દો દાખલ કર્યા છે.
૫. સન ૧૯૯૭ના ગુજરાત અધિનિયમ ૩ની કલમ ૨(૩)થી અસલને બદલે આ શબ્દો મુક્યા છે.
૬. એજનની કલમ ૫(૨)(ખ)(૭)(૨)(ક)થી આ શબ્દો દાખલ કર્યા છે.
૬. એજનની કલમ ૫(૨)(ખ)(૭)(૨)(ક)થી આ શબ્દો દાખલ કર્યા છે.
૭. એજનની કલમ ૫(૨)(ખ)(૭)(૨)(ખ)થી "રજિસ્ટર થયેલી માધ્યમિક શાળાના" એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

વળી બોર્ડની પ્રથમવાર રચના કરવામાં આવે, ત્યારે રાજ્ય સરકારે આ વર્ગના સભ્યોને, આ વર્ગના સભ્યો તરીકે ચૂંટાવા માટે લાયકાત ધરાવતી વ્યક્તિઓમાંથી નામ-નિયુક્ત કરવા જોઇશે.

**વર્ગ-ગ નામ-નિયુક્ત કરેલા સભ્યો**

વિજ્ઞાન, ઉદ્યોગ અથવા વાણિજ્ય ક્ષેત્રે ખાસ જ્ઞાન અથવા પ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી રાજ્ય સરકારે નામ-નિયુક્ત કરેલા ત્રણ સભ્યો.

(૩) બોર્ડના સભ્યો તરીકે વખતોવખત ચૂંટવામાં આવેલી અથવા નામ-નિયુક્ત કરવામાં આવેલી (હોદ્દાની રૂએ સભ્યો ન હોય તેવી) વ્યક્તિઓનાં નામ બોર્ડ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવાં જોઇશે.

બોર્ડનાં મુખ્ય મથકો.

૪. બોર્ડનાં મુખ્ય મથકો, રાજ્ય સરકાર નક્કી કરે તે સ્થળે રહેશે.

અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ અને નામ-નિયુક્ત કરેલ સભ્યોના હોદ્દાની મુદત અને તેમની સેવાની શરતો.

[1][૫.(૧) અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ અને નામ-નિયુક્ત થયેલ સભ્યો, રાજ્ય સરકારની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે.

(૨) અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષના પગાર અથવા યથાપ્રસંગ, માનદ્ વેતન, ભથ્થાં અને સેવાની બીજી શરતો રાજ્ય સરકાર નક્કી કરે તેવાં રહેશે.]

બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત.

૬. (૧) બોર્ડના [2][ હોદ્દાની રૂએના સભ્યો અને નામ-નિયુક્ત થયેલ સભ્યો ] સિવાયના સભ્યો, જે તારીખે તેમનાં નામ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવે તે તારીખથી ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે :

પરંતુ રાજ્ય સરકાર વખતોવખત, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, તેમાં નિર્દિષ્ટ કરવાના ખાસ સંજોગો ધ્યાનમાં લઇને, આવી મુદતને તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદત સુધી લંબાવી શકશે, પરંતુ તેવી રીતે લંબાવેલી મુદત એકંદર એક વર્ષથી વધવી જોઇએ નહિ.

(૨) પેટા-કલમ (૧) માં ગમે તે મજકૂર હોય, તેમ છતાં નિયત દિવસ પછી પ્રથમવાર રચવામાં આવેલા બોર્ડમાં રાજ્ય સરકારે નામ-નિયુક્ત કરેલા સભ્યો એવી રીતે રચાયેલાં બોર્ડના સભ્યોના નામો જે તારીખે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવે તે તારીખથી બે વર્ષ કરતાં વધુ નહિ તેટલી રાજ્ય સરકાર નક્કી કરે તે મુદત સુધી હોદ્દો ધરાવશે :

પરંતુ એવી રીતે નક્કી કરેલી મુદત રાજ્ય સરકાર, વખતોવખત લંબાવી શકશે, પરંતુ જે મુદત સુધી એવા સભ્યો હોદ્દો ધરાવશે તે મુદત એકંદરે બે વર્ષથી વધવી જોઇએ નહિ.

વધુમાં પેટા-કલમ (૧) અને (૨)માં ઉલ્લેખેલા છૂટા થનાર સભ્યોની મુદત, તેમનાં અનુગામીઓનાં નામો જે તારીખે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવે તે તારીખથી તરત અગાઉના દિવસ સુધી લંબાવવામાં આવશે અને તે દિવસે પૂરી થશે.

અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષની જગા કામચલાઉ ખાલી પડવા બાબત.

૭. અધ્યક્ષ અથવા નાયબ અધ્યક્ષના હોદ્દાની જગા, રજા અથવા માંદગીના કારણે અથવા બીજા કોઇ કારણે કામચલાઉ ખાલી પડે, ત્યારે રાજ્ય સરકાર, પોતે નક્કી કરે તે પગાર અથવા યથાપ્રસંગ, માનાર્હ વેતન, ભથ્થાં અને સેવાની બીજી શરતોએ, એવા હોદ્દાની જગા ખાલી રહે ત્યાં સુધી યથાપ્રસંગ અધ્યક્ષ અથવા નાયબ અધ્યક્ષ તરીકે અન્ય વ્યક્તિને નીમી શકાશે.

બોર્ડના અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ અને સભ્યોની ગેરલાયકાતો.

૮. કોઇ વ્યક્તિ નીચેના સંજોગોમાં આ અધિનિયમ હેઠળ રચવામાં આવેલા બોર્ડના અધ્યક્ષ અથવા બોર્ડના નાયબ અધ્યક્ષ તરીકે નીમાવા અથવા ચાલુ રહેવા માટે અથવા બોર્ડના સભ્ય તરીકે ચૂંટાવા અથવા નામ-નિયુક્ત થવા માટે અથવા તે તરીકે ચાલુ રહેવા માટે અથવા કોઇ સમિતિના સભ્ય તરીકે નીમાવા અથવા બનવા અથવા ચાલુ રહેવા માટે ગેરલાયક ગણાશે.

જો તે,-

(ક) પોતે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે અથવા પોતાના ભાગીદાર મારફતે,

---

૧ સન ૧૯૯૯ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિથી મૂળ કલમ પને બદલે, આ કલમ મૂકી છે.

૨ એજનની અનુસૂચિથી "હોદ્દાની રૂએના સભ્યો" એ શબ્દોને બદલે, આ શબ્દો મૂકયા છે.

(૧) [1][માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા, ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા] અથવા બોર્ડ નક્કી કરે તેવી બીજી કોઇ પરીક્ષા માટે નિયત કરેલી અથવા રાજ્ય સરકારે બોર્ડને સોંપેલા કોઇ પાઠ્યપુસ્તક અંગે પ્રસિદ્ધ કરેલા કોઇ માર્ગદર્શક પુસ્તકમાં કોઇ ભાગ કે હિત ધરાવતી હોય કે ધરાવતી હતી; અથવા

(૨) બોર્ડના હુકમથી કરવામાં આવેલા કોઇ કામમાં અથવા બોર્ડ અથવા બોર્ડ વતી કરવામાં આવેલ કોઇ કરારમાં કોઇ ભાગ કે હિત ધરાવતી હોય :

પરંતુ પેટા-ખંડ (૧)માં ઉલ્લેખેલા કોઇ માર્ગદર્શક પુસ્તકમાં અગાઉ કોઇ ભાગ કે હિત ધરાવતી વ્યક્તિ, એવું માર્ગદર્શક પુસ્તક પ્રસિદ્ધ થાય તે તારીખથી પાંચ વર્ષ વીતી ગયા હોય, તો તે પેટા-ખંડ હેઠળ ગેરલાયક બની છે એમ ગણાશે નહિ;

(ખ) હોદ્દા ઉપરથી દૂર કરવા માટેનો હુકમ કલમ ૧૪ની પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવ્યો હોય તેવી કોઈ વ્યક્તિ હોય અને હોદ્દા ઉપરથી તેને દૂર કર્યાની તારીખથી પાંચ વર્ષ વિતી ગયા ન હોય, તો;

(ગ) જો તેને-

(૧) કોર્ટે કાયદાથી અસ્થિર મગજની ઠરાવી હોય;

(૨) દેવા મુક્ત નહીં થયેલ નાદાર હોય,

(૩) નૈતિક અધઃપતનના ગુના માટે કોર્ટે કાયદાથી દોષિત ઠરાવી હોય તો.

**ગેરલાયકાતને લીધે સભ્યની જગા ખાલી પડવા બાબત.**

૯. બોર્ડના અથવા કોઇ સમિતિના કોઇ સભ્ય, કલમ ૮માં દર્શાવેલી કોઇપણ ગેરલાયકાતને પાત્ર બને, તો તેમ થતાં તેનો હોદ્દો ખાલી પડશે.

**પરવાનગી વિના ગેરહાજર રહેવાના લીધે સભ્યની જગા ખાલી પડવા બાબત.**

૧૦. બોર્ડમાં ચૂંટાયેલા કે નામ-નિયુક્ત થયેલા સભ્ય, બોર્ડની લાગલાગટ ત્રણ બેઠકોમાં અધ્યક્ષની પરવાનગી વિના ગેરહાજર રહે, તો તેમ થયે, તેનો હોદ્દો ખાલી પડશે.

**જગા ખાલી પડવા અંગેના પ્રશ્નનો નિર્ણય.**

૧૧. કલમ ૯ અથવા ૧૦ હેઠળ કોઈ સભ્યનો હોદ્દો ખાલી પડ્યો છે કે કેમ તે અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે પ્રશ્ન નિર્ણય માટે રાજય સરકારને મોકલવો જોઈશે. રાજ્ય સરકાર, તે સભ્યને સુનાવણીની વાજબી તક આપ્યા પછી તે પ્રશ્નનો નિર્ણય કરશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

**જગા ખાલી પડે, તો તે જાહેર કરવા બાબત.**

૧૨. કલમ ૯ અથવા કલમ ૧૦ હેઠળ કોઈ જગા ખાલી પડે, તો તે બાબત બોર્ડ રાજપત્રમાં જાહેર કરવી જોઈશે.

**સભ્યનું રાજીનામું.**

૧૩. (૧) હોદ્દાની રૂએ બોર્ડનો સભ્ય ન હોય તેવો કોઈ સભ્ય બોર્ડના અધ્યક્ષને લેખિતમાં આપીને કોઈપણ સમયે પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે.

---

[1] સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૬ થી "માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા" એ શબ્દોને બદલે, આ શબ્દો મૂક્યા છે.

(૨) અધ્યક્ષ તે રાજીનામું સ્વીકારે, તો તે હકીકત તેમણે બોર્ડને જણાવવી જોઈશે અને સભ્યના હોદ્દાની જગા, રાજીનામું સ્વીકારવામાં આવે તે તારીખથી ખાલી પડશે.

સભ્યને દૂર કરવા બાબત.

૧૪. (૧) બોર્ડનો ચૂંટાયેલો અથવા નામ-નિયુક્ત સભ્ય, રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ સભ્ય તરીકે ચાલુ રહેવા માટે તેને ગેરલાયક ઠરાવે તેવી કોઈ ગેરવર્તણૂક માટે દોષિત ઠર્યો હોય, તો રાજ્ય સરકાર બોર્ડની ભલામણ ઉપરથી અને પોતાને યોગ્ય લાગે તેવી કોઈ તપાસ કર્યા પછી, તેને હોદ્દા ઉપરથી દૂર કરી શકશેઃ

પરંતુ જે સભ્યના સંબંધમાં ભલામણ કરવામાં આવી હોય અથવા જે સભ્યને દૂર કરવાનો હોય તેને, શા માટે આવી ભલામણ ન કરવી અથવા યથાપ્રસંગ, શા માટે તેને હોદ્દા પરથી દૂર ન કરવો તેનું કારણ દર્શાવવાની વાજબી તક તેને આપવામાં આવી હોય તે સિવાય, બોર્ડથી એવી ભલામણ કરી શકાશે નહિ અને રાજ્ય સરકારથી તેને હોદ્દા પરથી દૂર કરી શકાશે નહિ.

(૨) જેને પેટા-કલમ (૧) હેઠળ હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવ્યો હોય તે સભ્યનું નામ બોર્ડે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવું જોઈશે.

બોર્ડની બેઠકો.

૧૫. (૧) બોર્ડની બેઠક દર વર્ષે ઓછામાં ઓછી ત્રણવાર મળશે અને સામાન્ય રીતે કોઈ લાગલગાટ બે બેઠકો વચ્ચે ચાર મહિનાથી વધુ ગાળો હોવો જોઈશે નહિ.

(૨) અધ્યક્ષ કોઈપણ સમયે બોર્ડની ખાસ બેઠક બોલાવી શકશે અને બોર્ડના સભ્યોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા એક તૃતીયાંશ જેટલા સભ્યોએ લેખિત વિનંતી કર્યેથી, અધ્યક્ષે એવી વિનંતી મળ્યા પછી, એકવીસ દિવસથી મોડી ન હોય તેવી તારીખે એવી ખાસ બેઠક બોલાવવી જોઈશે.

બેઠકમાં નિષ્ણાતો અને અધિકારીઓને નિમંત્રણ આપવાની સત્તા.

૧૬. બોર્ડના અભિપ્રાય પ્રમાણે, શિક્ષણ ક્ષેત્રે નિષ્ણાત વ્યક્તિને અથવા કોઈ સરકારી અધિકારીને, જે વિષય સાથે તે નિષ્ણાત કે અધિકારી સંબંધ ધરાવતો હોય તે વિષય, એવી બેઠકમાં ચર્ચા કે વિચારણા માટે આવવાનો સંભવ હોય કે આવે, તો બોર્ડ, પોતાની બેઠકમાં અથવા પોતાની કોઈપણ સમિતિની બેઠકમાં હાજરી આપવા માટે તેને નિમંત્રણ આપી શકશે.

બોર્ડની સત્તા અને ફરજો.

૧૭. આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, બોર્ડની સત્તા અને ફરજો નીચે પ્રમાણે રહેશેઃ-

(૧) સામાન્ય રીતે પોતાને પૂછાવેલી બાબતો ઉપર અથવા પોતાની મેળે માધ્યમિક શિક્ષણ [૧][અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ] અંગેની નીતિવિષયક બાબતો પરત્વે અને ખાસ કરીને, નીચેની બાબતો પ્રત્યે રાજ્ય સરકારને સલાહ આપવાની.--

(ક) માધ્યમિક શિક્ષણ [૧][અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ]ની યોગ્ય પદ્ધતિના ક્રમિક વિકાસની;

(ખ) માધ્યમિક શિક્ષણ [૧][અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ]ની આવી પદ્ધતિ માટે શૈક્ષણિક ધોરણો ઠરાવવાની અને તે જાળવવાની;

(ગ) માધ્યમિક શિક્ષણ [૧][અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ]ના સંબંધમાં રાષ્ટ્રની અને રાજ્યની નીતિનો સમન્વય સાધવાની;

(ઘ) શૈક્ષણિક આયોજન કાર્યક્રમ અને વ્યવસ્થાને લગતી બાબતો;

(૨) માધ્યમિક શિક્ષણ [૨][અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ]ને લગતા અભ્યાસક્રમ તથા પાઠ્યપુસ્તકો વિષે રાજ્ય સરકારને ભલામણ કરવાની અને રજિસ્ટર થયેલી શાળામાં ઉપયોગ માટે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળે તૈયાર કરેલ પાઠ્યપુસ્તકો મંજૂર કરવાની અને રાજ્ય સરકારને તેની ભલામણો કરવાની;

(૩) સેવામાં ચાલુ હોય તેવા શિક્ષકોને ફરી તાલીમ આપવા માટે કાર્યક્રમો યોજવાની;

---

૧. સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૭(૧)થી આ શબ્દો દાખલ કર્યા છે.
૨. એજનની કલમ ૭(૨)થી આ શબ્દો દાખલ કર્યા છે.

(૪) રજિસ્ટર થયેલી શાળાઓના વિદ્યાર્થીઓના શારીરિક, નૈતિક અને સામાજિક ઉત્કર્ષ માટે અને તેમનામાં શિસ્તની ભાવના કેળવવા માટે લેવાનાં પગલાં નક્કી કરવાની અને છાત્રાલયોમાં આપવા માટેની રહેવાની સગવડના ધોરણો ઠરાવવાની;

(૫) વિદ્યાર્થીઓની પ્રતિભાશોધ અને તેમની શક્તિને પૂર્ણ વિકાસ તરફ દોરી જવા માટેના તેમના પ્રયાસમાં રજિસ્ટર થયેલી શાળાઓના પ્રયાસમાં તેમને માર્ગદર્શન અને સહાય આપવાની;

(૬) માધ્યમિક શિક્ષણ [1][અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ]માં ઉપયોગી શૈક્ષણિક પ્રયોગો અને સંશોધન કરવા માટે રજિસ્ટર થયેલી શાળાને પરવાનગી અને પ્રોત્સાહન આપવાની અને આવા પ્રયોગો અને સંશોધન કરવાની શરતો ઠરાવવાની;

(૭) માધ્યમિક શાળા [2][અથવા ઉચ્ચતર માધ્યમિક શાળા]ને રજિસ્ટર કરાવવા માટે તે શાળાના સંચાલકે પરિપૂર્ણ કરવાની શરતો ઠરાવવાની;

(૮) શાળાના સંચાલકોને સુનાવણીની યોગ્ય તક આપ્યા પછી બોર્ડનો એવો અભિપ્રાય થાય કે રજિસ્ટર થયેલી કોઈ શાળાને રજિસ્ટ્રેશનની કોઈપણ શરતનું પાલન કર્યું નથી અથવા તે રજિસ્ટર થયેલી શાળાનું સંચાલન શિક્ષણના હિતને પ્રતિકૂળ હોય તે રીતે કરવામાં આવે છે અથવા માધ્યમિક શિક્ષણ [1][અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ]માં શૈક્ષણિક ધોરણ જળવાય તે માટે બોર્ડે કરેલાં સૂચનોનો અમલ તેણે કર્યો નથી તો તેની નિભાવ ગ્રાન્ટમાં કાપ મૂકવાની રાજ્ય સરકારને ભલામણ કરવાની ;

(૯) અભ્યાસક્રમ, પ્રશિક્ષણ અને પરીક્ષાના મૂલ્યાંકન અને સુધારણાના હેતુ માટે આંકડા વિષયક અને અન્ય સંશોધન કાર્ય કરવાની અને એવું સંશોધન કાર્ય કરવામાં રજિસ્ટર થયેલી શાળાઓને માર્ગદર્શન આપવાની;

(૧૦) પરીક્ષાઓના સંચાલન માટે અને રજિસ્ટર થયેલી શાળાના એક ધોરણમાંથી ઉપલા ધોરણમાં વિદ્યાર્થીઓને લઈ જવા માટે વિદ્યાર્થીઓની કસોટી માટેનાં ધોરણો નક્કી કરવાની;

(૧૧) રજિસ્ટર થયેલી શાળાના સ્ટાફની નિમણૂક માટે લાયકાતો સહિતનાં ધોરણો અને રજિસ્ટર થયેલી શાળાઓના સંચાલન માટે મકાન, પ્રયોગશાળા, ગ્રંથાલય, રાચરચીલું, સાધનસામગ્રી, લેખનસામગ્રી અને બીજી ચીજ-વસ્તુઓ માટેની જરૂરિયાતોનું ધોરણ ઠરાવવાની;

(૧૨) પૂરક વાચન માટેના તથા ગ્રંથાલયનાં પુસ્તકો માટે રજિસ્ટર થયેલી શાળાઓને ભલામણ કરવાની;

[3][ * * * *

* * * *

* * * *]

(૧૬) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓના [4][અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના] આચાર્યો અને શિક્ષકોની શૈક્ષણિક કામગીરી અને વર્તણૂક ઉપર યોગ્ય અને અસરકારક નિયંત્રણ રાખવાની અને એવી શાળાના સંચાલકોને માટે સૂચનો આપવાની;

[5][(૧૬-ક) રજિસ્ટર થયેલ શાળાઓના શાળા સંચાલકો અને સ્ટાફને, બોર્ડ દ્વારા યોજાતી પરીક્ષા સંબંધી ફરજો બજાવવા માટે આદેશ આપવાની;]

(૧૭) [6][ધોરણ ૯] અને તેની ઉપરના માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા સુધીના ધોરણોમાં પોતાને યોગ્ય લાગે તેવા વિષયોનું શિક્ષણ આપવા માટે માધ્યમિક શાળાઓને, ઠરાવેલી કાર્યરીતિ અનુસાર રજિસ્ટર કરવાની અને એવી શાળાઓમાં ઉપલાં ધોરણો અથવા ચાલુ ધોરણોનાં વધુ વર્ગો ખોલવાની પરવાનગી આપવાની;

---

૧. સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૭(૨) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૨. એજનની કલમ ૭(૩) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૩. સન ૧૯૭૮ના ગુજરાત અધિનિયમ ૩૨ની કલમ ૩ થી ખંડો (૧૩)(૧૪) અને (૧૫) કમી કર્યા છે.

૪. સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૭(૪) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૫. એજનની કલમ ૭(૫) થી ખંડ (૧૬) પછી નવો ખંડ (૧૬ક) દાખલ કર્યો છે.

૬. સન ૨૦૧૦ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૨, ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૦ની કલમ પથી ધોરણ-૮" એ શબ્દ અને આંકડાને બદલે "ધોરણ નવ" એ શબ્દ મૂક્યા છે.

[1][(૧૭-ક) ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા સુધીના અગિયારમા અને બારમા ધોરણોમાં પોતાને યોગ્ય લાગે તેવા વિષયોનું શિક્ષણ આપવા માટે ઉચ્ચતર માધ્યમિક શાળાઓને, ઠરાવેલી કાર્યરીતિ અનુસાર રજિસ્ટર કરવાની અને એવી શાળાઓમાં વિદ્યમાન ધોરણોના વધારાના વર્ગો ખોલવાની પરવાનગી આપવાની;]

(૧૮) ઠરાવેલી કાર્યરીતિ અનુસર્યા પછી માધ્યમિક શાળાનું [2][અથવા ઉચ્ચતર માધ્યમિક શાળાનું] રજિસ્ટ્રેશન પૂર્ણતઃ અથવા અંશતઃ પાછું ખેંચવાની;

(૧૯) રજિસ્ટર થયેલી શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેની શરતો નક્કી કરવાની;

(૨૦) રજિસ્ટર થયેલી શાળાના કોઇપણ ધોરણના વર્ગમાં વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા ઠરાવવાની;

(૨૧) રજિસ્ટર થયેલી એક શાળામાંથી બીજી શાળામાં વિદ્યાર્થીઓની ફેરબદલી માટે શરતો ઠરાવવાની;

(૨૨) રજિસ્ટર થયેલી શાળાઓના સત્ર, રજાઓ અને વેકેશનો માટેની વ્યવસ્થાનું નિયમન કરવાની;

(૨૩) રજિસ્ટર થયેલી શાળાઓએ શૈક્ષણિક બાબતોના સંબંધમાં રજિસ્ટરો અને અન્ય રેકોર્ડો તૈયાર કરવાની અને રાખવાની પદ્ધતિનું નિયમન કરવાની;

(૨૪) રજિસ્ટર થયેલી શાળાઓની, પોતે અધિકૃત કરેલી વ્યકિત દ્વારા શૈક્ષણિક તપાસણી કરાવવાની અને તેમાં શિક્ષણનું યોગ્ય ધોરણ જળવાય અને તેમાં ગ્રંથાલય અને પ્રયોગશાળા માટે પૂરતી જોગવાઈ કરવામાં આવે તેવું સુનિશ્ચિત કરવા માટે પગલાં લેવાની;

(૨૫) રજિસ્ટર થયેલી શાળામાંથી કોઇ રીપોર્ટ અને માહિતી મંગાવવાની;

(૨૬) લાયકાતો, પસંદગીની પદ્ધતિ અને નિમણૂક અને બઢતી સેવાની સમાપ્તિની શરતો અને રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓના [3][અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના]આચાર્ય અને શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની વર્તણૂક અને શિસ્ત માટેના નિયમો નક્કી કરવાની;

(૨૭) [4][માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા, ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા] અને બોર્ડ નક્કી કરે અથવા રાજ્ય સરકાર તેને સોંપે તેવી બીજી પરીક્ષામાં (જેનો આમાં હવે પછી "બીજી પરીક્ષા" તરીકે ઉલ્લેખ કર્યો છે) નિયમિત અને ખાનગી ઉમેદવારોના પ્રવેશ માટેની શરતો નક્કી કરવાની;

(૨૮) [4][માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા, ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા]નું અને બીજી પરીક્ષાઓનું સંચાલન કરવાની અને પરીક્ષાઓ ઉત્તીર્ણ ઉમેદવારોને પ્રમાણપત્રો આપવાની;

(૨૯) રજિસ્ટર થયેલી શાળાઓને [4][માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા, ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા] અને બીજી પરીક્ષાઓનાં સંચાલનમાં સહકાર આપવાનું ફરમાવવાની;

(૩૦) [4][માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા, ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા] અને બીજી પરીક્ષાઓનાં સંચાલન માટે અને ઉમેદવારોની કામગીરીના મૂલ્યાંકન માટે અને પરિણામો સંકલિત કરી જાહેર કરવા માટેના પ્રાશ્નિકો, પરીક્ષકો, મોડરેટરો, સુપરવાઇઝરો અને બીજા જરૂરી કર્મચારીઓ નીમવાની;

(૩૧) બોર્ડ દ્વારા સંચાલિત [4][માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા, ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા] અને બીજી પરીક્ષા માટે કેન્દ્રો ખોલવાની;

(૩૨) બોર્ડ દ્વારા સંચાલિત [4][માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા, ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા] અને બીજી પરીક્ષાઓમાં બેસતા ઉમેદવારોનાં પરિણામો જાહેર કરવાની;

(૩૩) [4][માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા, ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા] અને રજિસ્ટર થયેલી શાળાની બીજી પરીક્ષાઓ અથવા વહીવટના સંબંધમાં થયેલી ગેરરીતિના કેસોનો ઠરાવેલી કાર્યરીતિ અનુસાર નિકાલ કરવાની;

---

૧. સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૭(૬)થી ખંડ (૧૭) પછી નવો ખંડ (૧૭ક) દાખલ કર્યો છે.
૨. એજનની કલમ ૭(૭)થી આ શબ્દો દાખલ કર્યા છે.
૩. એજનની કલમ ૭(૮)થી આ શબ્દો દાખલ કર્યા છે.
૪. એજનની કલમ ૭(૯)થી "માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા" એ શબ્દોને બદલે આ શબ્દો મુક્યા છે.

(૩૪) માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા, [1][અને ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા] સહિતની રજિસ્ટર થયેલી શાળાની તમામ પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની કામગીરીનું સામાન્યતઃ મૂલ્યાંકન કરવાની;

(૩૫) શિષ્યવૃત્તિઓ, વૃત્તિકા, ચંદ્રકો, પારિતોષિકો અને બીજા ઇનામો શરૂ કરવાની અને એનાયત કરવાની અને તે માટેની શરતો ઠરાવવાની;

(૩૬) [2][માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા, ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા] અને બીજી પરીક્ષાઓ માટે પ્રશ્નપત્રો કાઢવાની વ્યવસ્થા કરવાની;

(૩૭) પોતાના ફંડનો વહીવટ કરવાની;

(૩૮) ગ્રાન્ટો, વસિયતી બક્ષિસો, દાન, દેણગીઓ, જવાબદારીઓ અને કોઇ મિલકતની અથવા તેના હિત અથવા હકની તબદીલી સ્વીકારવાની;

(૩૯) ખંડ (૩૮)માં ઉલ્લેખેલી કોઇ મિલકત, હિત અથવા હક ધરાવવાની અને તેનો વહીવટ અને તેની તજવીજ કરવાની;

(૪૦) ઠરાવવામાં આવે તેટલી ફી, રોયલ્ટી અને દંડ સહિતના ચાર્જ માટે માંગણી કરવાની અને તે મેળવવાની;

(૪૧) વાર્ષિક રિપોર્ટો, વાર્ષિક હિસાબો ઉપર વિચારણા કરવાની અને તે મંજૂર કરવાની અને નાણાકીય અંદાજો તૈયાર કરવાની અને રાજ્ય સરકારને મંજૂરી માટે મોકલવાની;

(૪૨) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના [3][અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના] સંબંધમાં કલમ ૪૪ હેઠળ નોટિસ મળ્યેથી, રજિસ્ટર થયેલી કોઇ વિદ્યમાન શાળાના સંચાલકોને બંધ કરવા ધારેલી શાળા ચાલુ કામગીરી બજાવતી રહે તે માટે જરૂરી લાગે તેવાં પગલાં લેવાને ઉત્તેજન આપવાની અથવા તેના હેતુ માટે નવું સંચાલક મંડળ રચવા માટે પ્રોત્સાહન આપવાની;

(૪૩) આ અધિનિયમની જોગવાઇઓ અમલમાં લાવવાના હેતુઓ માટે વિનિયમો કરવાની;

(૪૪) બોર્ડ અને સમિતિઓએ અનુસરવાની કાર્યરીતિ, બોર્ડ અને સમિતિઓના સભ્યોને આપવાનાં મુસાફરી ભથ્થાં જેવી બાબતો અને આ અધિનિયમ અને તે હેઠળ કરેલા વિનિયમોથી, જેના માટે જોગવાઇ કરી ન હોય તેવી, બોર્ડ અને તેની સમિતિઓને જ લગતી બીજી કોઇ બાબત માટે ઉપનિયમો કરવાની;

(૪૫) આ અધિનિયમથી અથવા તે હેઠળ બોર્ડને સોંપવામાં આવે તે સત્તા વાપરવાની અને તેના ઉપર મૂકવામાં આવે તે ફરજો બજાવવાની;

(૪૬) આ અધિનિયમના હેતુઓ સિધ્ધ કરવા માટે જરૂરી હોય તેવા તમામ કાર્યો કરવાની.

૧૮. (૧) પોતાના કાર્યો બજાવવા માટે બોર્ડ પોતાના સભ્યોમાંથી [4][કારોબારી સમિતિ, શિક્ષણ સમિતિ] અને પરીક્ષા સમિતિ નીમશે અને પોતાને યોગ્ય લાગે તેવી બીજી સમિતિઓ નીમી શકશે અને બોર્ડ જે કોઇ વ્યક્તિ બોર્ડનો સભ્ય ન હોય તેને એવી કોઇ સમિતિના સભ્ય તરીકે નીમે તો તે કાયદેસર ગણાશેઃ સમિતિઓ.

પરંતુ અધ્યક્ષ અથવા નાયબ અધ્યક્ષનું નામ એવી કોઈ સમિતિના સભ્ય તરીકે બોર્ડ નિર્દિષ્ટ કરે તેમાં આ પેટા-કલમના કોઈપણ મજકૂરથી બાધ આવે છે એમ ગણાશે નહિઃ

વધુમાં અધ્યક્ષ અથવા નાયબ અધ્યક્ષનું નામ કોઈ સમિતિના સભ્ય તરીકે નિર્દિષ્ટ કરવામાં આવે, તો યથાપ્રસંગ, અધ્યક્ષ અથવા નાયબ અધ્યક્ષ એવી સમિતિના અધ્યક્ષ રહેશે.

(૨) પેટા-કલમ (૧)માં જણાવેલી જોગવાઈઓને અધીન રહીને, પેટા-કલમ (૧) હેઠળ બોર્ડે નીમેલી દરેક સમિતિની રચના, તેના સભ્યોના હોદ્દાની મુદત અને તેણે બજાવવાનાં બોર્ડના કાર્યો ઠરાવવામાં આવે તેવાં રહેશે.

---

૧. સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૭(૧૦) થી આ શબ્દો ઉમેર્યા છે.
૨. એજનની કલમ ૭(૧૧) થી "માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા" એ શબ્દોને બદલે, આ શબ્દો મૂક્યા છે.
૩. એજનની કલમ ૭(૧૨) થી આ શબ્દો દાખલ કર્યા છે.
૪. એજનની કલમ ૮થી "કારોબારી સમિતિ" એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

સ્પષ્ટીકરણ--આ કલમના હેતુ માટે બોર્ડના અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષ તેના સભ્યો છે એમ ગણાશે.

**અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષની સત્તા.**

૧૯. (૧) અધ્યક્ષ, હાજર હોય, ત્યારે બોર્ડની બેઠકોનું અધ્યક્ષ સ્થાન લેશે અને તેમની ગેરહાજરીમાં નાયબ અધ્યક્ષ એવી બેઠકોનું અધ્યક્ષ સ્થાન લેશે :

પરંતુ બોર્ડની બેઠકમાં અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષ, બન્ને ગેરહાજર હોય, તો હાજર રહેલા સભ્યો તે બેઠકનું અધ્યક્ષ સ્થાન લેવા માટે પોતાનામાંથી એક સભ્યને ચૂંટશે.

(૨) આ અધિનિયમ અને તે હેઠળ કરેલા વિનિયમો અને ઉપ-નિયમોની જોગવાઈઓનું નિષ્ઠાપૂર્વક પાલન કરવામાં આવે છે તે જોવાની-અધ્યક્ષની ફરજ રહેશે અને તેને આ હેતુ માટે તમામ જરૂરી સત્તા રહેશે.

(૩) અધ્યક્ષના અભિપ્રાય મુજબ જેમાં તાત્કાલિક પગલાં લેવા જરૂરી હોય તેવા તાકીદના પ્રસંગે તેઓ પોતાને જરૂરી લાગે તે પગલાં અને પોતે લીધેલાં પગલાં વિષે બોર્ડની આગામી બેઠકમાં બોર્ડને જાણ કરશે.

(૪) કલમ ૧૫માં ઠરાવ્યા પ્રમાણે બોર્ડની બેઠક બોલાવવાની અને બેઠક સમક્ષ મૂકવાનું કામકાજ જણાવવાની અધ્યક્ષને સત્તા રહેશે.

(૫) અધ્યક્ષ ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

(૬) નાયબ અધ્યક્ષ ઠરાવવામાં આવે તેવા અથવા અધ્યક્ષ વખતોવખત તેને સોંપે તેવાં ફરજો અને કાર્યો બજાવશે.

(૭) કલમ ૭ની જોગવાઈઓને અધીન રહીને, નાયબ અધ્યક્ષ, અધ્યક્ષની ગેરહાજરીમાં અધ્યક્ષ તરીકે કામગીરી બજાવશે અને તે પ્રમાણે કામગીરી બજાવતા હોય, ત્યારે તેઓ અધ્યક્ષની તમામ સત્તા વાપરશે અને તેની તમામ ફરજો અને કાર્યો બજાવશે.

(૮) અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષ, બોર્ડની અને તેની જે સમિતિમાં તેમના સભ્યો તરીકે નામ હોય તેની તમામ કાર્યવાહીઓમાં મત આપવાનો હક વાપરવા સહિત ભાગ લેવા હકદાર રહેશે, પરંતુ અન્યથા જોગવાઇઓ કરવામાં આવી હોય તે સિવાય તેઓ બોર્ડના સભ્યો છે એમ ગણાશે નહિ.

**બોર્ડના સચિવની અને સંયુક્ત અને મદદનીશ સચિવોની નિમણૂક, સત્તા અને ફરજો.**

૨૦. (૧) બોર્ડને એક સચિવ રહેશે. જેની નિમણૂક રાજ્ય સરકાર કરશે.

(૨) અધ્યક્ષનાં નિયંત્રણને આધીન રહીને સચિવ બોર્ડના કારોબારી અધિકારી ગણાશે અને બોર્ડ હેઠળ તે સમયે સેવા બજાવતા બીજા તમામ અધિકારીઓ અને કર્મચારીઓ તેના તાબામાં રહેશે.

(૩) તે, ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે.

(૪) બોર્ડની અને સમિતિઓની બેઠકમાં હાજર રહેવાને તે હકદાર રહેશે, પરંતુ તેને મત આપવાનો હક રહેશે નહિ.

(૫) બોર્ડની જરૂરિયાતોને લક્ષમાં લેતાં, રાજ્ય સરકાર, બોર્ડ માટે પોતાને નીમવા યોગ્ય લાગે તેટલાં એક અથવા વધારે સંયુક્ત સચિવોને અથવા મદદનીશ સચિવોને નીમી શકશે.

(૬) સચિવ, અધ્યક્ષના સામાન્ય અથવા ખાસ હુકમોથી અનુક્રમે સંયુક્ત સચિવ અથવા મદદનીશ સચિવને સોંપે તેવી સચિવની સત્તા તેઓ વાપરશે અને તેવી ફરજો બજાવશે.

**બોર્ડના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ.**

૨૧. બોર્ડ આ અધિનિયમ હેઠળના કાર્યો બજાવી શકે તે માટે જરૂરી હોય તેવા બીજા અધિકારીઓ અને કર્મચારીઓને રાજ્ય સરકાર નીમી શકશે:

પરંતુ રાજ્ય સરકાર હુકમ કરીને અધ્યક્ષ અથવા સચિવને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે વર્ગોના કર્મચારીઓ નીમવાની સત્તા સોંપી શકશે.

૨૨. આ અધિનિયમ હેઠળ નીમવામાં આવેલા અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ, સચિવ, સંયુક્ત અને મદદનીશ સચિવો અને અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ, રાજ્ય સરકારના કર્મચારીઓ ગણાશે અને તેમના પગાર અથવા પ્રસંગ માનદ્‌વેતન અને ભથ્થાં રાજ્યના એકત્રિત ફંડમાંથી મેળવશે. અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષ સિવાયના આ અધિકારીઓના પગાર અને ભથ્થાં અને સેવાની અન્ય શરતો રાજ્ય સરકાર નક્કી કરે તેવાં રહેશે. બોર્ડના સચિવ, સંયુક્ત અથવા મદદનીશ સચિવો અને કર્મચારીઓનાં પગાર અને ભથ્થાં અને સેવાની બીજી શરતો.

## પ્રકરણ-૩

## નાણા હિસાબ અને ઓડિટ

૨૩. (૧) બોર્ડને તેનું પોતાનું ફંડ રહેશે અને તેમાં નીચેના નાણા જમા કરવામાં આવશે :- બોર્ડનું ફંડ, તેની કસ્ટડી અને તેનું રોકાણ.

(ક) તેણે લીધેલી ફી, રોયલ્ટી અને ચાર્જ (ઠરાવેલા દંડ સહિત);

(ખ) રાજ્ય સરકારે કોઈ ગ્રાન્ટ, સોંપણી, ફાળા અને લોન આપી હોય, તો તે;

(ગ) તેને કોઈ વસિયતી બક્ષિસ, દાન અને દેણગી અથવા બીજા ફાળા આપવામાં આવ્યા હોય તો તે;

(ઘ) તેનામાં નિહિત થયેલી જામીનગીરીઓ ઉપરનું વ્યાજ અને તેના વેચાણની ઊપજ.

(ચ) તેનામાં નિહિત થયેલી મિલકતમાંથી મળતા તમામ ભાડાં અને નફો ;

(છ) તેને અથવા તેના વતી મળેલા તમામ નાણા ;

સન ૧૯૩૪નો ૨જો. સન ૧૯૫૦નો મુંબઈનો ૨૯મો. સન ૧૮૮૨નો ૨જો. (૨) બોર્ડનું ફંડ, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા અધિનિયમ, ૧૯૩૪માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઈ અનુસૂચિત બેન્કમાં, પોસ્ટલ સેવિંગ્ઝ બેન્કમાં અથવા મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૩૫ હેઠળ રાજ્ય સરકારે મંજૂર કરેલી સહકારી બેન્કમાં રાખવામાં આવશે અથવા બોર્ડની વિવેકબુધ્ધિ અનુસાર તે ફંડનું રોકાણ ભારતનો ટ્રસ્ટ અધિનિયમ, ૧૮૮૨થી અધિકૃત કરેલી સરકારી જામીનગીરીઓમાં કરવામાં આવશે.

૨૪. બોર્ડના અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ, સચિવ, સંયુક્ત સચિવો, મદદનીશ સચિવો અને બીજા અધિકારીઓ અને સ્ટાફના પગાર અથવા માનાર્હ વેતન, પેન્શન, રજા અને અન્ય ભથ્થાં પેટે રાજ્ય સરકાર નક્કી કરે તેટલી રકમ, બોર્ડ દર વર્ષે પોતાના ફંડમાંથી રાજ્ય સરકારને ચૂકવવી જોઈશે. બોર્ડ ફંડમાંથી પગાર, પેન્શન વગેરે પેટે ખર્ચ આપવા બાબત.

૨૫. રાજ્ય વિધાનમંડળે આ અર્થે કાયદાથી કરેલા યોગ્ય વિનિયોગ પછી રાજ્ય સરકાર આ અધિનિયમ હેઠળ બોર્ડ પોતાનાં કાર્યો બજાવી શકે તે માટે પોતાને જરૂરી લાગે તેટલી ગ્રાન્ટ બોર્ડને આપશે. બોર્ડને ગ્રાન્ટ.

૨૬. (૧) આ માટે ઠરાવવામાં આવે તે શરતોને અધીન રહીને બોર્ડ પોતાના માટે આવકના પૂરતાં સંસાધનોની જોગવાઈ કરવા માટે ખુલ્લા બજારમાંથી અથવા બીજી રીતે નાણા ઉછીના લઈ શકશે. નાણા ઉછીનાં લેવાની બોર્ડની સત્તા.

(૨) પેટા-કલમ (૧) હેઠળ નાણા ઉછીના લેવામા આવે તે વખતે રાજ્ય સરકાર નક્કી કરે તેવી શરતોએ મુદ્દલની રકમની ફેરચુકવણી અંગે અને તેટલા દરે વ્યાજની ચુકવણી અંગે રાજ્ય સરકાર, એ રીતે ઉછીનાં લીધેલાં તમામ નાણાં માટે બાંયધરી આપી શકશે.

(૩) પોતાના માટે નાણાના પૂરતાં સંસાધનોનો પ્રબંધ કરવાના હેતુ માટે બોર્ડ, સંસ્થાઓ અથવા લોકો પાસેથી અનામતો સ્વીકારી શકશે.

ફંડનો ઉપયોગ. ૨૭. આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, બોર્ડના ફંડનો ઉપયોગ આ અધિનિયમમાં નિર્દિષ્ટ કરેલી બાબતોને આનુષંગિક ચાર્જ અને ખર્ચ ચૂકવવા પેટે જ અને આ અધિનિયમ હેઠળ અને તેની રૂએ જે હેતુ માટે બોર્ડને સત્તા સોંપવામાં આવે અથવા તેના ઉપર ફરજો લાદવામાં આવે તે હેતુ માટે જ કરવો જોઈશે.

કંડમાંથી નાણા કેવી રીતે ઉપાડવાં.

૨૮. બોર્ડે આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કરેલા બે અધિકારીઓએ સહી કરેલા ચેક અથવા શાખપત્ર સિવાય કોઈ બેન્કમાંથી બોર્ડ નાણા ઉપાડી શકશે નહિ.

વાર્ષિક બજેટ અંદાજો તૈયાર કરવા બાબત.

૨૯. ઠરાવવામાં આવે તે તારીખ પહેલાં અને તે રીતે બોર્ડે આગામી નાણાકીય વર્ષ માટે બોર્ડની આવક અને ખર્ચના બજેટના અંદાજો તૈયાર કરવાં જોઈશે અને નાણાકીય વર્ષની શરૂઆતથી ત્રણ મહિના અગાઉ રાજ્ય સરકારને તે સાદર કરવાં જોઈશે. રાજ્ય સરકાર બોર્ડના બજેટના અંદાજોના સંબંધમાં પોતાને યોગ્ય લાગે તે હુકમો કરી શકશે અને જે તારીખે તે અંદાજો તેને સાદર કરવામાં આવે તે તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર બોર્ડને તે જણાવી શકશે અને બોર્ડે તે હુકમોનો અમલ કરવો જોઈશે.

વાર્ષિક હિસાબ અને ઓડિટ.

૩૦. બોર્ડે રાજ્ય સરકારને ઓડિટ માટે આવક અને ખર્ચના વાર્ષિક હિસાબ મોકલવા જોઈશે. રાજ્ય સરકાર તે હિસાબોનું ઓડિટ કરાવશે અને બોર્ડ ઓડિટ માટે રાજ્ય સરકાર નક્કી કરે તે ચાર્જ ચૂકવશે.

## પ્રકરણ ૪

## રજિસ્ટ્રેશન

રજિસ્ટ્રેશન વિના માધ્યમિક શિક્ષણ [6][અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ] આપવા સામે પ્રતિબંધ.

૩૧. (૧) કોઈ શાળાને આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ રજિસ્ટર કરવામાં ન આવે, તો કોઈ વ્યક્તિથી તેવી શાળા દ્વારા માધ્યમિક શિક્ષણ [1][અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ] આપી શકાશે નહિ.

(૨) નિયત દિવસ પછી બનતી ત્વરાએ બોર્ડે આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર માધ્યમિક શાળાનું રજિસ્ટર તૈયાર કરવું જોઈશે અને ત્યાર પછી તે રાખવું જોઈશે.

[2][(૨ક) ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) અધિનિયમ, ૨૦૦૨ના આરંભ પછી તરત જ બોર્ડે, આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું રજિસ્ટર તૈયાર કરવું જોઈશે અને જાળવવું જોઈશે ;]

(૩) રજિસ્ટરમાં ઠરાવવામાં આવે તે વિગતોનો સમાવેશ થશે.

(૪) કોઈ શાળા સ્થાપીને માધ્યમિક શિક્ષણ [3][અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ] આપવા ઈચ્છતી દરેક વ્યક્તિ, ઠરાવવામાં આવે તે નમૂનામાં અરજી કરે અને તેટલી ફી ભરે એટલે, તે શાળાનું નામ, માધ્યમિક શાળાના [4][અથવા યથાપ્રસંગ, ઉચ્ચતર માધ્યમિક શાળાના] રજિસ્ટ્રેશન માટે બોર્ડે ઠરાવેલી શરતોનું પાલન કરવાને અધીન રહીને, રજિસ્ટરમાં દાખલ કરાવવાને હકદાર થશે.

(૫) પેટા-કલમ (૪)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, નિયત દિવસની તરત પહેલાં માન્ય શાળા હોય તેવી દરેક માધ્યમિક શાળાનું નામ નિયત દિવસથી રજિસ્ટરમાં દાખલ કરવામાં આવશે અને રજિસ્ટરમાં દાખલ કરેલું છે એમ ગણાશે અને આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કાઢી નાખવામાં ન આવે ત્યાં સુધી, તેમાં ચાલુ રહેશે.

[5][(૫ક) પેટા-કલમ (૪)માં ગમે તે મજકૂર હોય તે છતાં, ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) અધિનિયમ, ૨૦૦૨ના આરંભના તરત જ પહેલાં માન્ય શાળા હોય તેવી દરેક ઉચ્ચતર માધ્યમિક શાળાનું નામ, રજિસ્ટરમાં દાખલ કરવામાં આવશે અને આવા આરંભની તારીખથી રજિસ્ટરમાં દાખલ કરેલું છે એમ ગણાશે અને આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કાઢી નાંખવામાં ન આવે ત્યાં સુધી તેના પર ચાલુ રહેશે ;] સન ૨૦૦૨નો ગુજરાતનો ૧૪મો.

---

૧. સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૯(૧)થી આ શબ્દો દાખલ કર્યા છે.
૨. એજનની કલમ ૯(૨)થી પેટા-કલમ (૨) પછી, નવી પેટા-કલમ (૨ક) દાખલ કરી છે.
૩. એજનની કલમ ૯(૩)(ક)થી આ શબ્દો દાખલ કર્યા છે.
૪. એજનની કલમ ૯(૩)(ખ)થી આ શબ્દો દાખલ કર્યા છે.
૫. સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૯(૪) થી પેટા-કલમ (૫) પછી, નવી પેટા-કલમ (૫ક) દાખલ કરી છે.
૬. એજનની કલમ ૯(૬)થી હાંસિયાની નોંધમાં આ શબ્દો દાખલ કર્યા છે.

(૬) બોર્ડ, ઠરાવવામાં આવે તે રીતે, રજિસ્ટ્રેશન માટેની આવી દરેક અરજીના સંબંધમાં વિચારણા કરશે અને તપાસ કરશે અને ત્યાર પછી પોતાને અરજી મળ્યાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર તેનો નિર્ણય કરશે.

(૭) પૂર્વવર્તી જોગવાઈઓ અનુસાર રજિસ્ટર તૈયાર કરવામાં આવે, ત્યારે બોર્ડ રાજપત્રમાં અને પોતે પસંદ કરે તે વર્તમાનપત્રોમાં નોટિસ પ્રસિદ્ધ કરવી જોઈશે અને તેમાં નિર્દિષ્ટ કરેલી તારીખ સુધીમાં રજિસ્ટરમાં દાખલ કરવામાં આવેલા માધ્યમિક શાળાનાં [1][અને ઉચ્ચતર માધ્યમિક શાળાના] નામોવાળું રજિસ્ટર તૈયાર કરવામાં આવ્યું છે તે જણાવવું જોઈશે.

(૮) રજિસ્ટર થયેલી દરેક શાળાને, ઠરાવવામાં આવે તે નમૂનામાં, રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૯) ઠરાવેલી રીતે બોર્ડ યોગ્ય તપાસ કર્યા પછી, રજિસ્ટર થયેલી શાળાનો વહીવટ સંભાળનાર વ્યક્તિ આ અધિનિયમ અથવા વિનિયમો હેઠળ તેના ઉપર મૂકવામાં આવેલી કોઈપણ ફરજનું અથવા બોર્ડે તેને આપેલી કોઈપણ સૂચનાનું પાલન કરાવવામાં કસૂર કરી હોવાનું જણાય, ત્યારે બોર્ડ, એવી વ્યક્તિને સુનાવણીની તક આપ્યા પછી, આદેશમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદત સુધી અથવા કાયમ માટે રજિસ્ટરમાંથી તે શાળાનું નામ કાઢી નાખવાનો આદેશ કરશે.

(૧૦) પેટા-કલમ (૬) અથવા પેટા-કલમ (૯) હેઠળ બોર્ડના નિર્ણયથી નારાજ થયેલી કોઇ વ્યકિત, જે તારીખે આવા નિર્ણયની તેને જાણ કરવામાં આવે તે તારીખથી એક મહિનાની મુદતની અંદર, રાજ્ય સરકારને અપીલ કરી શકશે અને રાજ્ય સરકાર અપીલની અરજી રજૂ થયાની તારીખથી બે મહિનાની અંદર અપીલનો નિર્ણય કરશે અને આવી અપીલનો નિર્ણય આખરી ગણાશે.

(૧૧) પૂરતું કારણ દર્શાવવામાં આવ્યેથી, બોર્ડ, કોઇપણ સમયે એવો આદેશ કરી શકશે કે એ રીતે કાઢી નાખેલું શાળાનું નામ ઠરાવવામાં આવે તે શરતે અને તેટલી ફી ભર્યેથી અને બોર્ડને મૂકવી યોગ્ય લાગે તેવી વધુ શરતોએ રજિસ્ટરમાં ફરી દાખલ કરવું.

(૧૨) રજિસ્ટર થયેલી કોઇ શાળાનું નામ પેટા-કલમ (૯) હેઠળ રજિસ્ટરમાંથી કાઢી નાખવામાં આવે, તો તેના સંચાલનનો હવાલો ધરાવતી વ્યકિતને આપવામાં આવેલું રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર રદ થયું છે એમ ગણાશે અને એવી વ્યકિતએ બોર્ડને અથવા બોર્ડે આ માટે અધિકૃત કરેલા કોઇ અધિકારીને તે પ્રમાણપત્ર તરત પરત સોંપવું જોઇશે. રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર રદ કર્યાની બાબત બોર્ડે રાજપત્રમાં અને પોતે પસંદ કરે તેવા વર્તમાનપત્રોમાં જાહેર કરવી જોઇશે.

(૧૩) બોર્ડની કચેરીમાં તમામ વાજબી સમયે કોઇ વ્યકિતએ તપાસવા માટે રજિસ્ટર ખુલ્લું રહેશે.

૩૨. કલમ ૩૧ની પેટા-કલમ (૭)માં ઉલ્લેખેલી તારીખ પછી રજિસ્ટરમાં વધારાની નોંધો કરવાના અને તમામ નોંધો વખતોવખત સુધારવાની અને આ અધિનિયમ, વિનિયમોની જોગવાઇઓ અને બોર્ડની સૂચનાઓ અનુસાર શાળાઓના સંબંધમાં રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર કાઢી આપવાની અથવા રદ કરવાની બોર્ડે આ અર્થે અધિકૃત કરેલા અધિકારીની ફરજ રહેશે. રજિસ્ટર અદ્યતન રાખવા બાબત.

૧. સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૯(૫)થી આ શબ્દો દાખલ કર્યા છે.

## પ્રકરણ ૫

## વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવા બાબત.

રજિસ્ટર થયેલી શાળાઓનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવા બાબત.

૩૩. (૧) તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકારને એમ લાગે કે રજિસ્ટર થયેલી કોઇ ખાનગી માધ્યમિક શાળાના [1][અથવા રજિસ્ટર થયેલી કોઇ ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના] સંચાલકે આ અધિનિયમ અથવા વિનિયમો હેઠળ તેના ઉપર મૂકવામાં આવેલી કોઇપણ ફરજનું પાલન કરવામાં બેદરકારી બતાવી છે અને તે શાળાનો વહીવટ પોતાને હસ્તક લઇ લેવો તે જાહેર હિતમાં જરૂરી છે, તો રાજ્ય સરકાર એવી શાળાના સંચાલકને સૂચિત પગલાં સામે કારણ દર્શાવવાની વાજબી તક આપ્યા પછી અને તેણે કોઇ કારણ દર્શાવ્યું હોય, તો તેને વિચારણામાં લીધા પછી, રાજ્ય સરકાર, વખતોવખત પોતે નક્કી કરે તેટલી મુદત સુધી શાળાનો વહીવટ પોતાને હસ્તક લઇ શકશે. પરંતુ તેવી મુદત એકંદરે પાંચ વર્ષથી વધુ હોવી જોઇશે નહિ.

(૨) પેટા-કલમ (૩) હેઠળ કોઇ શાળાનો વહીવટ પોતાને હસ્તક લેવામાં આવે, ત્યારે રાજ્ય સરકારે શાળાનો વહીવટ, પોતાના હસ્તક લીધાની તરત જ પહેલાં તેમાં આપવામાં આવતી શૈક્ષણિક સવલતો ઓછી ન થાય તે રીતે તે શાળાનો વહીવટ કરવો જોઇશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ નક્કી કરેલી મુદત પૂરી થયા પહેલાં રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે પોતે તે શાળાનો વહીવટ કરવાનું ચાલુ રાખવાનું જરૂરી નથી તો શાળાનો વહીવટ તે શાળાના સંચાલકને પરત સોંપવામાં આવશે અને કોઇપણ કિસ્સામાં તે રીતે નક્કી કરેલી મુદત પૂરી થયે અથવા પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી પાંચ વર્ષની મુદતના અંતે એવો વહીવટ તે શાળાના સંચાલકને પરત સોંપવામાં આવ્યો છે એમ ગણાશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ કોઇ શાળાનો વહીવટ શાળાના સંચાલકને પરત સોંપવાનો હોય અથવા પરત સોંપેલો ગણાતો હોય, ત્યારે રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેવી કોઇ તપાસ કર્યા પછી જે વ્યક્તિને શાળાનો વહીવટ અને કબજો સોંપવાનો હોય તે વ્યક્તિને (જેનો આ કલમમાં હવે પછી "નિર્દિષ્ટ કરેલી વ્યક્તિ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેને ) લેખિત હુકમથી નિર્દિષ્ટ કરી શકશે અને આવી નિર્દિષ્ટ કરેલી વ્યક્તિને શાળાનો વહીવટ અને કબજો સોંપશે. આવી રીતે વહીવટ અને કબજો સોંપવાથી રાજ્ય સરકાર એવી સોંપણી અંગેની તમામ જવાબદારીઓમાંથી પૂરેપૂરી મુક્ત થશે. પરંતુ જેને શાળાનો વહીવટ અને કબજો એવી રીતે સોંપવામાં આવ્યો હોય તે વ્યક્તિ સામે અમલ કરવા માટે કાયદાની રૂએ હકદાર થાય તેવી બીજી કોઇ વ્યક્તિના એ શાળા અંગેના કોઇ હકને બાધ આવશે નહીં.

(૫) નિર્દિષ્ટ કરેલી વ્યક્તિ મળી શકે તેમ ન હોય અથવા તેને તેના વતી શાળાનો વહીવટ અને કબજો સ્વીકારવા માટે અધિકૃત કરેલો કાયદેસરનો એજન્ટ અથવા અન્ય વ્યક્તિ ન હોય અથવા નિર્દિષ્ટ કરેલી વ્યક્તિ અથવા તેનો કાયદેસરનો એજન્ટ આવો વહીવટ અથવા કબજો સ્વીકારે નહીં ત્યારે રાજ્ય સરકાર રાજપત્રમાં નોટિસ પ્રસિધ્ધ કરાવીને એવું જાહેર કરી શકશે કે આવી શાળાનો વહીવટ અને કબજો નિર્દિષ્ટ કરેલી વ્યક્તિઓને સોંપેલો હોય તેમ અને આવી નોટિસ શાળાના મકાનના કોઇ સહેલાઇથી દેખાઇ આવે તેવા ભાગ પર પણ ચોંટાવડાવશે.

(૬) પેટા-કલમ (૫)માં ઉલ્લેખેલી નોટિસ રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવે, ત્યારે-

(ક) આવી નોટિસમાં નિર્દિષ્ટ કરેલી મિલકત, આવી પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી રાજ્ય સરકારના નિયંત્રણ અને વહીવટને અધીન હોતી બંધ થશે.

(ખ) આવી શાળા અને તેની મિલકતોનો કબજો, તેના કબજા માટે હકદાર વ્યક્તિને આવી તારીખે સોંપવામાં આવ્યો છે એમ ગણાશે ; અને

(ગ) રાજ્ય સરકાર સદરહુ તારીખ પછી કોઇપણ મુદત માટે આવી શાળા અને તેની મિલકતોના સંબંધમાં કોઇપણ ભાડાં, વળતર અથવા બીજા કોઇ દાવા માટે જવાબદાર રહેશે નહીં.

(૭) આ કલમમાંનો કોઇપણ મજકૂર ધર્મ અથવા ભાષા ઉપર આધારિત કોઇ લઘુમતી દ્વારા સ્થાપિત અને સંચાલિત કોઇ શૈક્ષણિક સંસ્થાને લાગુ પડશે નહીં.

---

૧. સન ૨૦૦૮ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૧૦ થી આ શબ્દો દાખલ કર્યાં છે.

## પ્રકરણ ૬
## રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓમાં સેવા સંબંધી જોગવાઇઓ

રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળામાં [4][અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળામાં ] નીમેલી વ્યકિતઓની ભરતી અને તેમની સેવાની શરતો.

૩૪. (૧) રજિસ્ટર થયેલી કોઇ ખાનગી માધ્યમિક શાળાના [1][ અને રજિસ્ટર થયેલી કોઇ ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના] શૈક્ષણિક સ્ટાફની જગાઓમાંથી પંદર ટકા જેટલી જગાઓ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની વ્યકિતઓમાંથી ભરવાની રહેશે :

પરંતુ આવી કોઇ જગા ભરવા માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની કોઇ વ્યકિત મળતી ન હોય, ત્યારે તે જગા આ અધિનિયમમાં અન્યથા જોગવાઇ કરી હોય તે રીતે ભરવી જોઇશે.

**સ્પષ્ટીકરણ** - આ પેટા-કલમમાં,-

(ક) " અનુસૂચિત જાતિઓ" એટલે ભારતના સંવિધાનની કલમ ૩૪૧ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં અનુસૂચિત જાતિઓ તરીકે ગણાતી હોય, તે જ્ઞાતિઓ, જાતિઓ કે આદિજાતિઓ અથવા આવી જ્ઞાતિઓ, જાતિઓ અથવા આદિજાતિઓના ભાગો અથવા તેમની અંદરના જૂથો.

(ખ) " અનુસૂચિત આદિજાતિઓ" એટલે ભારતના સંવિધાનની કલમ ૩૪૨ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં અનુસૂચિત આદિજાતિઓ તરીકે ગણાતી હોય, તેવી આદિજાતિઓ અથવા આદિજાતિ સમુદાય અથવા એવી આદિજાતિઓ અથવા આદિજાતિ સમુદાયના ભાગો અથવા તેમની અંદરના જૂથો.

(૨) પેટા-કલમ (૧) ને અધીન રહીને, બોર્ડ વિનિયમોથી રાજ્યમાંની રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓમાં [2][અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં] આચાર્ય, શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યો તરીકે નીમવાની વ્યકિતઓની ભરતી અને વર્તણૂક અને શિસ્ત સહિત તેમની સેવાની શરતોનું નિયમન કરશે :

પરંતુ બાંયધરી આપેલા સ્ટાફને નિયત તારીખની તરત જ પહેલાં લાગુ પડતી સેવાની શરતોમાં રાજ્ય સરકારની પૂર્વમંજૂરી સિવાય તેમને ગેરલાભ થાય તે રીતે ફેરફાર કરી શકશે નહીં :

વધુમાં ઉત્તર બુનિયાદી શિક્ષણ આપતી રજિસ્ટર થયેલી કોઇ ખાનગી માધ્યમિક શાળા, [3][અથવા રજિસ્ટર થયેલી કોઇ ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા] બોર્ડની પૂર્વમંજૂરીથી ઉત્તર બુનિયાદી શિક્ષણના મૂળભૂત પ્રકાર અને વિચાર સાથે સુસંગત હોય અને તે શાળાના આચાર્ય, શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યો તરીકે નિમાયેલી વ્યકિતઓની સેવાની શરતોનું નિયમન કરવા માટે બોર્ડે કરેલા વિનિયમો સાથે અસંગત ન હોય તેવા વધુ વિનિયમો કરે, તો તે કાયદેસર ગણાશે.

શિક્ષકો અને આચાર્યો વગેરેની પસંદગી.

[4][૩૫. (૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોની પસંદગી માટેની કાર્યરીતિ, રાજ્ય સરકાર, વખતોવખત, નિયમોથી જાહેર કરે તેવી રહેશે.]

---

૧. સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૧૧(૧) થી આ શબ્દો દાખલ કર્યા છે.
૨. એજનની કલમ ૧૧(૨) (ક) થી આ શબ્દો દાખલ કર્યા છે.
૩. એજનની કલમ ૧૧(૨) (ખ) થી આ શબ્દો દાખલ કર્યા છે.
૪. સન ૨૦૧૦ના ગુજરાત અધિનિયમ-૨, ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૦ની કલમ ૬થી અસલને બદલે આ કલમ ૩૫ મૂકી છે.

અમુક વ્યકિતઓની બરતરફી, પદચ્યુતિ અને પાયરી ઉતાર.

૩૬. (૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે નિમાયેલી કોઈપણ વ્યકિતને-

(ક) તેના સંબંધમાં લેવા ધારેલા પગલાં સામે કારણ દર્શાવવાની વાજબી તક સંચાલકે આપી ન હોય ત્યાં સુધી, અને

(ખ) બોર્ડે આ માટે અધિકૃત કરેલા અધિકારીએ તેના સંબંધમાં લેવા ધારેલા પગલાંની લેખિત બહાલી આપી ન હોય ત્યાં સુધી

સંચાલકથી બરતરફ અથવા પદચ્યુત કરી શકાશે નહિ અથવા નીચેની પાયરીમાં ઉતારી શકાશે નહિ અથવા સંચાલક દ્વારા તેની સેવા અન્યથા સમાપ્ત કરી શકાશે નહિ:

પરંતુ આ પેટા-કલમમાંનો કોઈપણ મજકૂર જેને હંગામી મુદત માટે નીમવામાં આવે તેવી કોઈ વ્યક્તિને લાગુ પડશે નહિ.

(૨) પેટા-કલમ (૧)ના ખંડ (ખ)માં ઉલ્લેખેલા અધિકારીએ, સદરહું ખંડ (ખ) હેઠળની દરખાસ્ત તેને મળ્યાની તારીખથી પિસ્તાળીસ દિવસની મુદતની અંદર પોતાનો નિર્ણય જણાવવો જોઈએ અને એવી મુદતની અંદર સદરહું અધિકારી સંચાલકને એવા નિર્ણયની જાણ ન કરે, તો સદરહુ ખંડ (ખ) હેઠળ લેવા ધારેલું પગલું, સદરહું અધિકારીએ મંજૂર કર્યું છે એમ ગણાશે.

(૩) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યની સામે કરવા ધારેલી કોઈ તપાસ અનિર્ણિત હોય ત્યાં સુધી, શાળાના સંચાલક તેને ફરજમાંથી મોકૂફ રાખે, ત્યારે એવી ફરજમોકૂફીની હકીકત અને તે માટેના કારણો બોર્ડ આ માટે અધિકૃત કરેલા અધિકારીને સંચાલકે તરત જણાવવાં જોઈએ અને એવા અધિકારીને આ અંગેની જાણ કરવામાં આવે તે તારીખથી પિસ્તાલીસ દિવસની મુદતની અંદર એવા અધિકારીએ આવી ફરજ મોકૂફીને બહાલી આપવાની રેહશે અને સદરહું અધિકારી એવી બહાલી સદરહું મુદતની અંદર સંચાલકને જણાવે નહિ, તો સંબંધિત ફરજ મોકૂફી, એવી મુદત પૂરી થયે, અમલમાં ચાલુ રહેતી બંધ થશે.

(૪) રજિસ્ટર થયેલા ખાનગી માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય પોતાનું રાજીનામું આપવા માંગે, તો તેણે પોતાનું રાજીનામું સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીને આપવું જોઈએ અને રાજીનામું એવી રીતે આપવામાં આવ્યું હોય અને એવા અધિકારીએ યોગ્ય રીતે શેરો કરીને તેને મોકલાવ્યું હોય તે સિવાય સંચાલકે રાજીનામુ સ્વીકારવું નહિ. આ પેટા-કલમનું ઉલ્લઘંન કરીને આપવામાં આવેલું આવું કોઈ રાજીનામું સ્વીકારવામાં આવે, તો તે બિનઅમલી ગણાશે.

(૫) પેટા-કલમ (૧)ના ખંડ (ખ) હેઠળ અધિકૃત અધિકારીએ કરેલા હુકમથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ અધિકૃત અધિકારીના નિર્ણયની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર ટ્રિબ્યુનલને અપીલ કરી શકશે.

અમુક કરારો રદ બાતલ ગણાશે.

૩૭. રજિસ્ટર થયેલી કોઈ ખાનગી માધ્યમિક શાળા અને એવી શાળામાંના આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે સેવા બજાવતી હોય તેવી કોઈ વ્યકિત વચ્ચે નિયત દિવસ પહેલાં અથવા તે પછી કરવામાં આવેલો દરેક કરાર, જેટલે અંશે આ અધિનિયમની રૂએ, અથવા તે હેઠળ તે વ્યકિતને મળેલો કોઈ હક લઈ લેતો હોય તેટલે અંશે, તે કરાર રદબાતલ ગણાશે.

ટ્રિબ્યુનલે તકરારનો નિર્ણય કરવા બાબત.

૩૮. (૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના સંચાલક અને એવી શાળાના આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે સેવા બજાવતી હોય તેવી કોઈ વ્યકિત વચ્ચે તે વ્યકિતની સેવાની શરતો સંબંધી કોઈ તકરાર કે મતભેદ હોય, તો યથાપ્રસંગ સંચાલક અથવા તે વ્યકિત સદરહુ તકરારના નિર્ણય માટે ટ્રિબ્યુનલને અરજી કરી શકશે.

(૨) નિયત દિવસથી રાજ્ય સરકારને અથવા તેના કોઈ અધિકારીને પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલા પ્રકારની કોઈ તકરારનો નિર્ણય કરવાની હકૂમત રહેશે નહિ અને નિયત દિવસની તરત પહેલાં રાજ્ય સરકાર અથવા તેના કોઈ અધિકારી સમક્ષ એવી કોઈ તકરાર નિકાલ બાકી હોય તો તે, નિયત દિવસ પછી બનતી ત્વરાએ તેના નિર્ણય માટે ટ્રિબ્યુનલને મોકલવી જોઈશે.

ટ્રિબ્યુનલ

૩૯. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, આ અધિનિયમના હેતુઓ માટે એક અથવા વધારે ટ્રિબ્યુનલ રચશે.

(૨) ટ્રિબ્યુનલને સમગ્ર રાજ્યમાં અથવા જેના સંબંધિત આંકડા પ્રસિદ્ધ કરવામાં આવ્યા હોય તેવી અગાઉની છેલ્લી વસતી ગણતરીમાં નક્કી કરવામાં આવેલા બે લાખથી વધુ વસ્તીવાળા હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા કોઈ શહેરના સંબંધમાં અથવા કોઈ જિલ્લા અથવા જિલ્લાઓના જૂથના સંબંધમાં હકૂમત રહેશે.

(૩) રાજ્ય સરકાર, કોઈ જિલ્લા ન્યાયાધીશને અથવા હાઈકોર્ટના ન્યાયાધીશ અથવા જિલ્લા ન્યાયાધીશ રહી ચૂકી હોય અથવા હાઈકોર્ટના ન્યાયાધીશ અથવા જિલ્લા ન્યાયાધીશ થવાની લાયકાત ધરાવતી હોય તેવી કોઈ વ્યકિતને ટ્રિબ્યુનલ તરીકે નીમશે.

(૪) કલમ ૩૮ની પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલા પ્રકારની તકરારો સ્વીકારવાની અને તેનો નિર્ણય કરવાની અને સદરહુ કલમ ૩૮ હેઠળ અથવા કલમ ૪૦ની પેટા-કલમ (૨) હેઠળ તેને કરેલી અથવા સોંપેલી તમામ અરજીઓ અને કાર્યવાહીઓનો નિકાલ કરવાની અને નિર્ણય કરવાની તેમજ કલમ ૩૬ની પેટા-કલમ (૫) હેઠળ કરેલી અપીલો સ્વીકારવાની અને તેનો નિર્ણય કરવાની ટ્રિબ્યુનલની ફરજ રહેશે.

(૫) રાજ્ય સરકાર સામાન્ય હુકમથી ફરમાવે તેવી કાર્યવાહી ટ્રિબ્યુનલ અનુસરશે.

સન ૧૯૦૮નો ૫મો.

(૬) દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દીવાની કોર્ટને કોઈ દાવાની ઈન્સાફી કાર્યવાહી કરવામાં નીચેની બાબતોના સંબંધમાં જે સત્તા હોય છે તે જ સત્તા ટ્રિબ્યુનલને રહેશે.

(ક) કોઈ વ્યકિતને હાજર રહેવાની ફરજ પાડવાની અને તેને સોગંદ ઉપર તપાસવાની;

(ખ) દસ્તાવેજો અને મહત્વની વસ્તુઓ રજૂ કરવાની ફરજ પાડવાની;

(ગ) સાક્ષીઓ તપાસવા માટે કમિશનો કાઢવાની;

(ઘ) ઠરાવવામાં આવે તેવી બીજી કોઈ બાબતો

અને ટ્રિબ્યુનલે કરેલી દરેક તપાસ અથવા અન્વેષણ ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૯૩ અને ૨૨૮ના અર્થ મુજબ ન્યાયિક કાર્યવાહી છે એમ ગણાશે. સન ૧૮૬૦નો ૪૫મો.

(૭) ટ્રિબ્યુનલ, મુદત અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૫ના હેતુ માટે કોર્ટ તરીકે ગણાશે. સન ૧૯૬૩નો ૩૬મો.

(૮) ટ્રિબ્યુનલનો નિર્ણય આખરી ગણાશે અને તેણે નિર્ણય કરેલી બાબતોના સંબંધમાં કોઈ દીવાની કોર્ટમાં દાવો માંડી શકાશે નહિ.

(૯) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યને બરતરફ, પદચ્યુત કર્યાનો અથવા પાયરી ઉતાર કર્યાનો કોઈ હુકમ ખોટો, ગેરકાયદેસર અથવા અન્યથા અન્યાયી હોવાનો ટ્રિબ્યુનલ નિર્ણય કરે, ત્યારે ટ્રિબ્યુનલ એવું ફરમાવતો હુકમ કરી શકશે કે આચાર્ય, શિક્ષક અથવા યથાપ્રસંગ, બિન-શૈક્ષણિક સ્ટાફના સંબંધિત સભ્યને, સંચાલકે સેવામાં પાછો લઈ લેવો અથવા યથાપ્રસંગ, તેને પાયરીમાંથી ઉતારવામાં આવ્યો તે પહેલાં તે ધરાવતો હતો તે જ દરજ્જામાં તેને મૂકવો અને સંચાલકે આવા આદેશનું તરત જ પાલન કરવું જોઈશે.

૪૦. (૧) આ અધિનિયમની રૂએ અથવા તે હેઠળ ટ્રિબ્યુનલે જે પ્રશ્નની પતાવટ કરવાની હોય, તેનો નિર્ણય અથવા નિકાલ કરવાનો હોય તે પ્રશ્નની પતાવટ કરવાની, તેનો નિર્ણય કે નિકાલ કરવાની કોઈ દીવાની કોર્ટને હકૂમત રહેશે નહિ. કોર્ટની હકૂમતને બાધ.

(૨) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના સંચાલક અને આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે એવી શાળામાં સેવામાં હોય તેવી કોઈ વ્યકિત વચ્ચે, એવી વ્યકિતની સેવાની શરતો અંગેની જે તકરારો નિયત દિવસે કોઈ દીવાની કોર્ટ સમક્ષ નિકાલ બાકી હોય તે તકરારો સંબંધી તમામ દાવા અને કાર્યવાહી ટ્રિબ્યુનલને સોંપવામાં આવશે અને તેની સમક્ષ ચાલુ રહેશેઃ

પરંતુ આ પેટા-કલમમાંનો કોઈપણ મજકૂર, નિયત દિવસ પહેલાં એવી કોર્ટે કરેલા હુકમનામા અથવા હુકમોમાંથી ઉપસ્થિત થતી બજવણી, કાર્યવાહી અને અપીલોને લાગુ પડશે નહિ અને આ અધિનિયમ પસાર થયો ન હોય તેમ, આવી બજવણી, કાર્યવાહી અને અપીલોનો નિર્ણય અને નિકાલ કરવામાં આવશે.

[1][૪૦-ક. કલમ ૧૭ના ખંડ (૨૬), કલમો ૩૪ અને ૩૫ અને કલમ ૩૬ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) અને તેની પેટા-કલમો (૨), (૩), (૪) અને (૫)માંનો કોઈપણ મજકૂર, ધર્મ અથવા ભાષા ઉપર આધારિત લઘુમતીએ સ્થાપેલી અને તેના વહીવટ હેઠળની કોઈ શિક્ષણ સંસ્થાને લાગુ પડશે નહિ.] અપવાદ.

## પ્રકરણ - ૭

## ગુના અને શિક્ષા

નિમણૂક સામે પ્રતિબંધ.

૪૧. (૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના [2][અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના] કોઈ સંચાલકથી આચાર્યની નિમણૂક કરી શકાશે નહિ અને એવી શાળાના કોઈ સંચાલક અથવા આચાર્યની કલમ ૩૫માં જોગવાઈ કર્યા પ્રમાણે હોય તે સિવાયના કોઈ શિક્ષકની નિમણૂક કરી શકાશે નહિ.

(૨) જે કોઈ વ્યકિત, પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તે વ્યકિતને, દોષિત ઠર્યેથી, એક હજાર રૂપિયા સુધીની દંડની શિક્ષા થશે.

અમુક જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા માટે શિક્ષા.

૪૨. જે કોઈ વ્યકિત, કલમ ૩૧ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે અથવા કલમ ૩૯ની પેટા-કલમ (૯) હેઠળ ટ્રિબ્યુનલે કાઢેલા કોઈ આદેશનું પાલન ન કરતી વ્યકિતને, દોષિત ઠર્યેથી, એકસો રૂપિયા કરતાં ઓછા ન હોય તેટલાં દંડની શિક્ષા થશે.અને એવો દંડ એક હજાર રૂપિયા સુધી વધારી શકાશે.

અમુક દસ્તાવેજોની વિગતો પ્રગટ કરવા માટેની શિક્ષા.

૪૩. (૧) બોર્ડ દ્વારા સંચાલિત પરીક્ષા સંબંધી કોઈ પ્રશ્નપત્ર, ઉત્તરવહી, ગુણપત્રક અથવા બીજા કોઈ નિયત દસ્તાવેજમાં જણાવેલી તમામ વિગતો, તેવા કોઈ દસ્તાવેજમાં જણાવેલી વિગતોના સંબંધમાં ઠરાવવામાં આવે તેટલી મુદત સુધી ખાનગી ગણવામાં આવશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળની કોઈપણ વિગતના સંબંધમાં ઠરાવેલી મુદત દરમિયાન એવી વિગતોવાળો અથવા એવી કોઈ વિગતો વિષેની માહિતીવાળો કોઈ દસ્તાવેજ પોતાના કબજામાં હોય તેવી કોઈ વ્યકિત-

(ક) જે વ્યકિતને એવી વિગતો જણાવવા માટે તેને અધિકૃત કરવામાં આવી હોય તે સિવાયની બીજી કોઈ વ્યકિતને સદરહુ વિગતો જાણીબૂઝીને જણાવી દે, અથવા

(ખ) તેની ગુપ્તતાને પ્રતિકૂળ અસર થાય તે રીતે એવી વિગતોનો ઉપયોગ કરે, અથવા

(ગ) એવો દસ્તાવેજ પોતાના કબજામાં રાખવાનો હક ન હોય અથવા એવો દસ્તાવેજ રાખવો તે પોતાની ફરજની વિરૂદ્ધ હોય ત્યારે તેને પોતાના કબજા કે નિયંત્રણમાં રાખે અથવા એવો દસ્તાવેજ પરત કરવા અથવા તેનો નિકાલ કરવા સંબંધી કાયદેસરના સત્તાધિકારીઓએ કાઢેલા કોઈ આદેશનું જાણીબૂઝીને પાલન ન કરે, અથવા

(ઘ) એવા દસ્તાવેજોની વાજબી સંભાળ ન લે અથવા તેમ કરવામાં બેદરકારી બતાવે તે અથવા એવા દસ્તાવેજની ગુપ્તતા જોખમમાં મૂકાય એવું વર્તન કરે

તો તે વ્યક્તિ આ કલમ હેઠળના ગુના માટે દોષિત ગણાશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળની કોઈ વિગતોના સંબંધમાં, ઠરાવેલી મુદત દરમિયાન જે વ્યકિત સ્વૈચ્છિક રીતે આવી કોઈ વિગતો વિષે કંઈ માહિતી મેળવે અને તેને એવી માહિતી મળે તે વખતે સદરહુ માહિતી આ અધિનિયમનું ઉલ્લંઘન કરીને આપવામાં આવે છે એમ પોતે જાણતી હોય અથવા એમ માનવાને વાજબી કારણ હોય, તો તે વ્યકિત આ કલમ હેઠળના ગુના માટે દોષિત ગણાશે.

(૪) આ કલમ હેઠળના ગુના માટે દોષિત વ્યકિતને, દોષિત ઠર્યેથી, બે વર્ષની મુદત સુધીની કેદની અથવા બસો રૂપિયા સુધીના દંડની અથવા એ બન્ને શિક્ષા થશે.

શાળા બંધ કરવા સામે પ્રતિબંધ.

૪૪. (૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના [1][અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના] કોઈપણ સંચાલકથી શૈક્ષણિક વર્ષ દરમિયાન કોઈપણ સમયે અને જે તારીખથી શાળા બંધ કરવા ધાર્યું હોય તે તારીખથી ઓછામાં ઓછા છ મહિના અગાઉ તેમ કરવાના પોતાના ઈરાદાથી બોર્ડને લેખિત નોટિસ આપ્યા વિના તે શાળા બંધ કરી શકાશે નહિ.

---

૧ સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૨૫ની કલમ ૨ થી કલમ ૪૦-ક દાખલ કરી છે.

૨ સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૧૪ થી આ શબ્દો દાખલ કર્યા છે.

અપવાદ.

(૨) જે કોઈ વ્યક્તિ પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તે વ્યક્તિને દોષિત ઠર્યેથી, એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

## પ્રકરણ ૮

## પ્રકીર્ણ

**પ્રસંગોપાત જગાઓ ખાલી પડવા બાબત.**

૪૫. બોર્ડના અથવા કોઈ સમિતિના સભ્યોમાં પ્રસંગોપાત ખાલી પડતી તમામ જગાઓ બનતી ત્વરાએ ચૂંટણીથી અથવા યથાપ્રસંગ, નામ-નિયુક્તિથી અથવા નિમણૂકથી અથવા મુકરર કરીને ભરવી જોઈશે અને પ્રસંગોપાત ખાલી પડેલી જગા પર ચૂંટાયેલી, નામ-નિયુક્ત થયેલી અથવા નિમાયેલી અથવા મુકરર થયેલી વ્યક્તિ, જેની જગા ઉપર તેને ચૂંટવામાં, નામ-નિયુક્ત કરવામાં કે નિમવામાં અથવા મુકરર કરવામાં આવે તે સભ્ય, તે જગા ખાલી પડી ન હોત અને જ્યાં સુધી હોદ્દો ધરાવતા હોત ત્યાં સુધી જ હોદ્દો ધરાવશે.

**જગા ખાલી હોવાના કારણે અથવા રચનામાં ખામી હોવાને કારણે કાર્યો અને કાર્યવાહી અમાન્ય ઠરશે નહિ.**

૪૬. આ અધિનિયમમાં, જણાવેલી જોગવાઈઓને અધીન રહીને બોર્ડનું અથવા કોઈ સમિતિનું કોઈ કાર્ય અથવા કાર્યવાહી યથાપ્રસંગ, બોર્ડ અથવા સમિતિમાં કોઈ જગા ખાલી હોવાને કારણે જ અથવા તેની રચનામાં કોઈ ખામી હોવાને કારણે જ અમાન્ય થશે નહિ.

**બોર્ડ માહિતી, પત્રકો વગેરે પૂરાં પાડવા બાબત.**

૪૭. રાજ્ય સરકાર, ફરમાવે તેવા અહેવાલો, પત્રકો અને નિવેદનો અને બોર્ડના કામકાજ સાથે સંકળાયેલી કોઈ બાબત સંબંધી રાજ્ય સરકાર મંગાવે તેવી વધુ માહિતી બોર્ડે રાજ્ય સરકારને પૂરી પાડવી જોઈશે.

**આદેશો કાઢવાની રાજ્ય સરકારની સત્તા.**

૪૮. (૧) બોર્ડે આપેલી સલાહ ઉપર વિચારણા કર્યા પછી, રાજ્ય સરકારને કલમ ૧૭માં નિર્દિષ્ટ કરેલી તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબતના સંબંધમાં પોતાને જરૂરી લાગે તેવા આદેશો બોર્ડને આપવાની સત્તા રહેશે. બોર્ડે એવા આદેશોનું પાલન કરવું પડશે.

(૨) બોર્ડ જે બાબતનું સંચાલન કર્યું હોય અથવા જે બાબત કરી હોય અથવા બોર્ડ જે બાબતનું સંચાલન કરતું હોય અથવા જે બાબત કરતું હોય અથવા બોર્ડ જે બાબતનું સંચાલન કરવા અથવા જે બાબત કરવા ધારતું હોય તે બાબતના સંદર્ભમાં બોર્ડને જાણ કરવાનો અને બોર્ડને તે બાબતમાં પોતાના મંતવ્યો જણાવવાનો રાજ્ય સરકારને હક રહેશે.

(૩) ઉપર પ્રમાણે જણાવવામાં આવે તે ઉપરથી બોર્ડ કોઈ પગલાં લેવા ધારતું હોય અથવા તેણે કોઈ પગલાં લીધાં હોય, તો તેના વિષે તેણે રાજ્ય સરકારને રિપોર્ટ કરવો જોઈશે અને જો બોર્ડ એવા પગલાં લે નહિ, તો તેણે ખુલાસો કરવો જોઈશે.

(૪) રાજ્ય સરકારને ખાતરી થાય તે રીતે વાજબી સમયની અંદર બોર્ડ પગલાં ન લે તો તેણે કરેલા ખુલાસા અથવા રજૂઆત ઉપર વિચારણા કર્યા પછી, રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેવા આ અધિનિયમ સાથે સુસંગત આદેશો કરી શકશે અને બોર્ડે આવા આદેશોનું પાલન કરવું જોઈશે.

(૫) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ જેમાં તાત્કાલિક પગલાં લેવાનું જરૂરી હોય એવી કોઈ તાકીદની પરિસ્થિતિમાં રાજ્ય સરકાર બોર્ડ સાથે અગાઉથી વિચારવિનિમય કર્યા વિના પોતાને જરૂરી લાગે તેવા આ અધિનિયમ સાથે સુસંગત પગલાં લઈ શકશે અને પોતે લીધેલાં પગલાં વિશે બોર્ડને તરત જાણ કરશે.

(૬) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે બોર્ડનો કોઈ ઠરાવ, હુકમ અથવા તેનું કોઈ કાર્ય, આ અધિનિયમથી અથવા તે હેઠળ બોર્ડને આપેલી સત્તા બહારનું છે, તો રાજ્ય સરકાર લેખિત હુકમથી તેમાં કારણો નિર્દિષ્ટ કરીને બોર્ડના તે ઠરાવ અથવા હુકમની બજવણી મોકૂફ રાખી શકશે અને બોર્ડને જે પગલાં લેવાનો હુકમ કર્યો હોય અથવા હુકમ કર્યાનું અભિપ્રેત હોય તે પગલાં લેવાનો પ્રતિબંધ કરી શકશે.

ન ૧૮૬૦નો ૫મો. ૪૯. બોર્ડના અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ, સભ્યો અને કલમો ૨૦ અને ૨૧માં ઉલ્લેખેલાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓ ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવકો ગણાશે. — અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ વગેરે રાજ્ય સેવકો ગણાશે.

૫૦. આ અધિનિયમ હેઠળ પોતાની સત્તા વાપરતી વખતે અથવા પોતાની ફરજો બજાવતી વખતે શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈપણ કાર્યના સબંધમાં બોર્ડના અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ અથવા તેના કોઈ સભ્ય સામે અથવા કલમ ૨૦ અથવા ૨૧માં ઉલ્લેખેલા કોઈ અધિકારી અથવા કર્મચારી સામે અથવા બીજી કોઈ વ્યક્તિ સામે કોઈ દાવો, ફોજદારી કામ અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ. — શુદ્ધ બુદ્ધિથી કરેલાં કાર્યો માટે ક્ષતિપૂર્તિ.

૫૧. (૧) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય હોય કે, બોર્ડ આ અધિનિયમ અથવા તે મુજબ કરેલા વિનિયમોની રૂએ અથવા તે હેઠળ અથવા બીજી રીતે કાયદાથી તેના ઉપર મૂકેલી ફરજો બજાવી શકે તેમ નથી અથવા યોગ્ય રીતે બજાવતું નથી અથવા બજાવવામાં જાણી જોઈને કસૂર કરે છે અથવા તેની સત્તા બાહ્ય વર્તે છે અથવા તેની સત્તાનો દુરૂપયોગ કરે છે અથવા આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા વિનિયમોની જોગવાઈઓની વિરૂદ્ધ કાર્ય કરે છે અથવા કર્યું છે અથવા કલમ ૪૮ હેઠળ તેને આપેલા કોઈ આદેશનું પાલન કર્યુ નથી, તો રાજ્ય સરકાર બોર્ડને ખુલાસો આપવાની તક આપ્યા પછી, રાજપત્રમાં હુકમ અને તે માટેનાં કારણો પ્રસિદ્ધ કરીને, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી ત્રણ વર્ષથી વધુ નહિ તેટલી મુદત માટે બોર્ડનું વિસર્જન અથવા તેને રદ કરી શકશે; અને આવી મુદત બોર્ડને આ કલમ હેઠળ રદ કરવામાં આવ્યું ન હોત, તો બોર્ડના સભ્યો જે મુદત સુધી કલમ ૬ હેઠળ હોદ્દો ધરાવતા હોત તે મુદત વધુ લંબાવી શકાશે. — અમુક સંજોગોમાં બોર્ડનું વિસર્જન અથવા તેને રદ કરવા બાબત.

(૨) બોર્ડનું વિસર્જન અથવા તેને રદ કરવામાં આવે, ત્યારે નીચેનાં પરિણામો ઉદ્‌ભવશે :-

(ક) બોર્ડના તમામ સભ્યો, બોર્ડને રદ કર્યુ હોય તો, રદ કર્યાના હુકમની તારીખથી અને બોર્ડનું વિસર્જન કર્યુ હોય, તો વિસર્જનના હુકમમાં નિર્દિષ્ટ કરેલી તારીખથી એવા સભ્યો તરીકેના પોતાના હોદ્દા ખાલી કરશે;

(ખ) બોર્ડ અને તેની સમિતિઓની તમામ સત્તા, ફરજો અને કાર્યો વિસર્જન અથવા રદ કર્યાની મુદત દરમિયાન રાજ્ય સરકાર, તે અર્થે વખતોવખત નિમે તે વ્યકિત અથવા વ્યકિતઓ વાપરશે અને બજાવશે.

(ગ) બોર્ડમાં નિહિત થયેલી તમામ મિલકત વિસર્જન અથવા રદ કર્યાની મુદત દરમિયાન રાજ્ય સરકારમાં નિહિત થશે.

(૩) બોર્ડને વિસર્જન પછી, પેટા-કલમ (૧) હેઠળ વિસર્જનના હુકમમાં રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવી તારીખે અથવા તે પહેલાં આ અધિનિયમમાં જોગવાઈ કરેલી રીતે બોર્ડની ફરી સ્થાપના કરવામાં આવશે અને તેની ફરી રચના કરવામાં આવશે.

(૪) બોર્ડને રદ કરવામાં આવે, તો રદ થયાની મુદત પૂરી થયેથી, આ અધિનિયમમાં જોગવાઈ કરેલી ... ી ફરી સ્થાપના કરવામાં આવશે અને તેની ફરી રચના કરવામાં આવશે;

૫૨. રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આ અધિનિયમની તમામ જોગવાઈઓ અથવા તે પૈકી કોઈપણ જોગવા...માંથી જે બોર્ડ માધ્યમિક શાળા, કેન્દ્રીય માધ્યમિક શાળા બોર્ડ, ન્યુ દિલ્હી અથવા ઈન્ડિયન પબ્લિક કોન્ફરન્સ, ન્યુ ...લ્હી ને સંલગ્ન હોય અથવા કોઈ યુનિવર્સિટી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨ અથવા યથાપ્રસંગ, કલમ ૩ના ખંડ (છ)ની જોગવાઈઓ અનુસાર યુનિવર્સિટી તરીકે કેન્દ્ર સરકારે જાહેર કરેલ હોય તેવી કોઈ સંસ્થા જેને નિભાવતી હોય તે માધ્યમિક શાળાને મુક્તિ આપી શકશે. — મુકિત.

સન ૧૯૫૬નો ૩જો

સન ૧... મુંબઈ-

૫૩. (૧) બોર્ડ, આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવાના હેતુ માટે વિનિયમો કરી શકશે. — વિનિયમો કરવાની બોર્ડની સત્તા.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા વિનિયમોથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબત વિષે જોગવાઈ કરી શકાશે :-

(ક) કલમ ૧૮ હેઠળ નિમાયેલી સમિતિઓની રચના, સત્તા અને કાર્યો અને તેના સભ્યોના હોદ્દાની મુદત;

(ખ) રજિસ્ટર થયેલી શાળાઓમાં તમામ ધોરણોની વાર્ષિક પરીક્ષાઓ માટેના વિષયો;

(ગ) વાર્ષિક પરીક્ષાઓમાં ઉમેદવારોના પ્રવેશ બાબત અને એવા પ્રવેશને લાગુ પડતી શરતો;

(ઘ) કોઈપણ વિષયમાં અને સમગ્ર રીતે વાર્ષિક પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે અને કોઈ વિષયમાં મુકિત, ક્રેડિટ અને વિશિષ્ટ અવમાન મેળવવા માટે કેટલા ગુણ જરૂરી છે તે બાબત;

(ચ) બોર્ડ દ્વારા સંચાલિત પરીક્ષાઓના પ્રવેશ માટેની ફી અને આ પરીક્ષાઓ સાથે સંકળાયેલી બીજી બાબતોના સંબંધમાં આપવાની બીજી ફી અને ચાર્જ;

(છ) [1][માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા, ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાના] અને અન્ય પરીક્ષાઓના સંચાલન માટેની વ્યવસ્થા અને પરિણામો જાહેર કરવા બાબત;

(જ) પરીક્ષકોની નિમણૂક, પરીક્ષાઓ સંબંધી તેમની સત્તા અને ફરજો અને તેમના મહેનતાણા;

(ઝ) પરીક્ષકોની લાયકાતો અને ગેરલાયકાતો;

(ટ) પ્રમાણપત્રો આપવા બાબત;

(ઠ) બોર્ડના નાણાનું સર્વાંગી નિયંત્રણ, તેનો પ્રબંધ, તેની સલામત કસ્ટડી અને તેનો વહીવટ;

(ડ) બોર્ડ કઈ તારીખ પહેલાં અને કઈ રીતે પોતાનું અંદાજપત્ર તૈયાર કરવું તે બાબત;

(ઢ) આ અધિનિયમ હેઠળ ઠરાવવાની હોય અથવા ઠરાવવામાં આવે તેવી બીજી કોઈ બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા કોઈ વિનિયમને અથવા તેમાં કરેલા ફેરફારને અથવા તે રદ કરવાની બાબતને સરકાર મંજૂર ન કરે ત્યાં સુધી તે અમલમાં આવશે નહિ.

**પ્રથમ વિનિયમો.**

૫૪. કલમ ૫૩માં ગમે તે મજકૂર હોય છતાં રાજ્ય સરકાર પ્રથમ વિનિયમો કરશે અને તે કલમ હેઠળ નવા વિનિયમો યોગ્ય રીતે કરવામાં અને મંજૂર કરવામાં ન આવે ત્યાં સુધી, તે અમલમાં ચાલુ રહેશે.

**ઉપનિયમો કરવાની બોર્ડની સત્તા.**

૫૫. બોર્ડ નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબત વિષે જોગવાઈ કરવા માટે આ અધિનિયમ અને તે હેઠળ કરેલા વિનિયમો સાથે સુસંગત ઉપનિયમો કરી શકશે :-

(ક) બોર્ડની અને બોર્ડની નીમેલી સમિતિઓની બેઠકોમાં અનુસરવાની કાર્યરીતિ અને આવી બેઠકોમાં કોરમ માટે જરૂરી સભ્યોની સંખ્યા,

(ખ) બોર્ડ અથવા કોઈ સમિતિના સભ્યોને મળવાપાત્ર મુસાફરી ભથ્થાં અને દૈનિક ભથ્થાં,

(ગ) આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા વિનિયમોની રૂએ જોગવાઈ કરવામાં આવી ન હોય તેવી માત્ર બોર્ડ અને તેની સમિતિઓને સંબંધકર્તા હોય તેવી બીજી બાબત.

**શંકાના કિસ્સામાં અર્થઘટન.**

૫૬. આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા કોઈપણ વિનિયમ અથવા ઉપનિયમની કોઈપણ જોગવાઈના અર્થઘટન સંબંધી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે બાબત બોર્ડના એક તૃતીયાંશથી ઓછા ન હોય તેટલા સભ્યો રાજ્ય સરકારને પુછાણ માટે મોકલવાની માંગણી કરે, તો રાજ્ય સરકારનો નિર્ણય આખરી ગણાશે.

સન ૧૯૪૮નો મુંબઈનો ૫૯મો.

**રદ કરવા બાબત અને અપવાદ.**

૫૭. (૧) કલમ ૩ હેઠળ જે તારીખે બોર્ડ પહેલી વાર રચવામાં આવે તે તારીખે અને તે તારીખ (જેનો આમાં હવે પછી "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે તારીખ) થી અમલમાં આવે તેમ મુંબઈ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા બોર્ડ અધિનિયમ ૧૯૪૮ અને તેની હેઠળ રચાયેલું ગુજરાત માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા બોર્ડ (જેનો આમાં હવે પછી "વિસર્જિત બોર્ડ" તરીકે ઉલ્લેખ થયો છે તે ) રદ થયેલા ગણાશે અને તેના તમામ સભ્યો તેમના હોદ્દાની જગા ખાલી કરશે.

---

૧. સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૧૫થી "માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાના" એ શબ્દોને બદલે, આ શબ્દો મૂકયા છે.

(૨) સદરહુ અધિનિયમ રદ થવા છતાં :-

(ક) વિસર્જિત બોર્ડની તમામ સ્થાવર અને જંગમ મિલકત, તેના તમામ હકો અને તેના કોઈપણ પ્રકારના હિત, અને તમામ સત્તા અને વિશેષાધિકારો સદરહુ તારીખે બોર્ડને તબદીલ થયા ગણાશે અને અન્ય તબદીલી ખત કર્યા વિના બોર્ડમાં નિહિત થશે અને ત્યારબાદ જે ઉદ્દેશો અને હેતુઓ માટે બોર્ડ રચવામાં આવે તે માટે તે ઉપયોગમાં લેવામાં આવશે;

(ખ) વિસર્જિત બોર્ડ સ્વીકારેલાં અથવા તેને મળેલા તમામ દાનો, આ અધિનિયમ હેઠળ બોર્ડે સ્વીકારેલ છે અથવા તેને મળેલા છે એમ ગણાશે અને જે શરતોએ એવા દાનો સ્વીકારવામાં આવ્યા હોય અથવા મળ્યા હોય તે તમામ શરતો આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત હોય તો પણ, અધિનિયમ હેઠળ તે માન્ય છે એમ ગણાશે;

(ગ) જેમાં વિસર્જિત બોર્ડની તરફેણમાં કોઈ વસિયતી બક્ષિસ, બક્ષિસ, શરતો અથવા જવાબદારી હોય એવા અને સદરહુ તારીખ પહેલાં કરેલા કોઈ વસિયત, ખત અથવા બીજા દસ્તાવેજમાં, વિસર્જિત બોર્ડને બદલે બોર્ડનું નામ હોય તેમ સદરહુ તારીખ અથવા ત્યારથી તેનો અર્થ કરવામાં આવશે;

(ઘ) સદરહુ તારીખની તરત પહેલાં માન્ય કરેલી અને વિસર્જિત બોર્ડના વિશેષાધિકારો મેળવતી હોય એવી તમામ સંસ્થાઓ જેટલે અંશે એવી માન્યતા અથવા વિશેષાધિકારો આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ પાછા ખેંચી લેવામાં આવે, તેના ઉપર નિયંત્રણ મૂકવામાં આવે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે તે સિવાય, માન્ય કરવામાં આવી છે એમ ગણાશે અને તેને આ અધિનિયમ હેઠળ રચેલા બોર્ડના વિશેષાધિકારો મળ્યા છે એમ ગણાશે;

(ચ) સદરહુ તારીખ પહેલાં વહોરેલા અને વિસર્જિત બોર્ડ સામે કાયદેસર રીતે વિદ્યમાન હોય એવા તમામ દેવાં અને જવાબદારીઓ અને ફરજો બોર્ડે અદા કરવી જોઈશે અને ભરપાઈ કરવી જોઈશે.

(છ) કોઈપણ અધિનિયમનમાં અથવા વિસર્જિત બોર્ડને લગતા કોઈ અધિનિયમન હેઠળ કાઢી આપેલા લેખોમાંના તમામ ઉલ્લેખોનો અર્થ બોર્ડના ઉલ્લેખો તરીકે ગણાશે;

(જ) બોર્ડ, આ અધિનિયમના હેતુઓ માટે વિસર્જિત બોર્ડ નીચે સદરહુ તારીખની તરત પહેલાં સેવા બજાવતા રાજ્ય સરકારના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને સદરહુ તારીખથી પોતાને હસ્તક લઈને કામે રાખી શકશે અને રાજ્ય સરકાર તેઓને સમાવી લેવા સંબંધી અને તેઓની પ્રવરતા સંબંધી સામાન્ય અથવા ખાસ હુકમ કરે તેને અધીન રહીને તેઓ બદલાયેલા સંજોગોમાં બની શકે ત્યાં સુધી તેવી જ સેવાની શરતોએ આ અધિનિયમ હેઠળ એવી શરતોમાં યોગ્ય રીતે ફેરફાર ન થાય ત્યાં સુધી હોદ્દો ધરાવવાનું ચાલુ રાખશે :

પરંતુ [illegible] અધિકારી અથવા કર્મચારીને સદરહુ તારીખની તરત પહેલાં લાગુ પડતી સેવાની શરતોમાં, રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવ્યા સિવાય તેને ગેરલાભ થાય એ રીતે ફેરફાર કરી શકાશે નહિ.

મુશ્કેલીઓ નિવારવાની સત્તા.

૫૮. આ અધિનિયમની જો[illegible]ાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઉપસ્થિત થાય તો મુશ્કેલી નિવારવા માટે, રાજ્ય સરકાર [illegible]રી અથવા ઈષ્ટ જણાય એવી અને આ અધિનિયમની જોગવાઈઓ સાથે, અસંગત ન હોય એવી જોગવાઈઓ, રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલા સામાન્ય અથવા ખાસ હુકમથી કરી શકશે.

રાજ્યની અમુક યુનિવર્સિટીઓ સંબંધી અધિનિયમોની અમુક જોગવાઈઓનો સુધારો.

૫૯. અનુસૂચિના બીજા કોલમમાં નિર્દિષ્ટ કરેલો દરેક અધિનિયમ, તે અનુસૂચિના ત્રીજા કોલમમાં તેની સામે નિર્દિષ્ટ કરેલ હોય તે રીતે અને તેટલે અંશે સુધારેલો ગણાશે.

## [1] અનુસૂચિ

(જુઓ કલમ ૫૯)

| અનુ ક્રમાંક | ટૂંકી સંજ્ઞા | સુધારાનો અંશ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | વડોદરાનો મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો વડોદરાનો અધિનિયમ ક્રમાંક : ૧૭) | કલમ ૪૪માં, ખંડ (૧)માં, (ક) ''અગિયારમા ધોરણની''એ શબ્દો કમી કરવા; (ખ) ''માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા બોર્ડ તરફથી લેવામાં આવતી '' એ શબ્દોને બદલે, ''ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી'' એ શબ્દો મૂકવા. |
| ૨. | ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો મુંબઈનો ૫૦મો) | કલમ ૪૨માં, ખંડ (૧)માં, (ક) ''અગિયારમા ધોરણની''એ શબ્દો કમી કરવા. (ખ) ''માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા મંડળ તરફથી લેવામાં આવતી'' એ શબ્દોને બદલે, ''ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી'' એ શબ્દો મૂકવા. |
| ૩. | સરદાર પટેલ યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫નો મુંબઈનો ૪૦મો) | (૧) કલમ ૧૫માં, ''૧. હોદ્દાની રૂએ સભ્યો''એ શીર્ષક હેઠળ, પરિચ્છેદ (ખ) માં ખંડ (૧૩) ને બદલે, નીચેનો ખંડ મૂકવો - ''(૧૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ.'' (૨) કલમ-૩૩મા, ખંડ (૧) માં,-- (ક) ''અગિયારમા ધોરણની '' એ શબ્દો કમી કરવા. (ખ) ''માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા મંડળ તરફથી લેવામા આવતી'' એ શબ્દોને બદલે, ''ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક, શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી'' એ શબ્દો મૂકવા. |

૧. સન ૨૦૦૨ના ગુજરાત અધિનિયમ ૧૪ની કલમ ૧૮થી આ અનુસૂચિ દાખલ કરી છે.

| અનુ ક્રમાંક | ટૂંકી સંજ્ઞા | સુધારાનો અંશ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૪. | દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫ (સન ૧૯૬૫નો ગુજરાતનો ૩૮મો) | (૧) કલમ ૧૬માં, પેટા-કલમ (૧)માં, "વર્ગ-૧લો હોદ્દાની રૂએ સભ્યો" એ શીર્ષક હેઠળ, પરિચ્છેદ (ખ)માં, ખંડ (૬)ને બદલે, નીચેનો ખંડ મૂકવો -<br>"(૬) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ."<br>(૨) કલમ-૪૩માં, ખંડ (૧)માં,--<br>(ક) "અગિયારમા ધોરણની " એ શબ્દો કમી કરવા.<br>(ખ) "માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા મંડળ તરફથી લેવામાં આવતી" એ શબ્દોને બદલે, "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી" એ શબ્દો મૂકવા. |
| ૫. | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫ (સન ૧૯૬૫નો ગુજરાતનો ૩૯મો) | (૧) કલમ ૧૬માં, પેટા-કલમ (૧)માં, "વર્ગ-૧લો હોદ્દાની રૂએ સભ્યો" એ શીર્ષક હેઠળ, પરિચ્છેદ (ખ)માં, ખંડ (૬)ને બદલે, નીચેનો ખંડ મૂકવો -<br>"(૬) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ."<br>(૨) કલમ ૪૩માં, ખંડ (૧)માં,<br>(ક) "અગિયારમા ધોરણની" એ શબ્દો કમી કરવા.<br>(ખ)"માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર -પરીક્ષા મંડળ તરફથી લેવામાં આવતી" એ શબ્દોને બદલે, "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી" એ શબ્દો મૂકવા. |
| ૬ | ભાવનગર યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૮નો ગુજરાતનો ૨૬મો) | (૧) કલમ ૧૫માં, પેટા-કલમ (૧)માં,--<br>" વર્ગ-૧ લો હોદ્દાની રૂએ સભ્યો " એ શીર્ષક હેઠળ, પરિચ્છેદ (ખ)માં, ખંડ (૪)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-<br>"(૪) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ".<br>(૨) કલમ ૪૪માં, ખંડ (૧)માં,<br>(ક) "અગિયારમા ધોરણની"એ શબ્દો કમી કરવા. |

| અનુક્રમાંક | ટૂંકી સંજ્ઞા | સુધારાનો અંશ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| | | (ખ) "ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી" એ શબ્દને બદલે "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી" એ શબ્દો મૂકવા.<br>(૨) કલમ ૪૪માં, ખંડ (૧)માં,<br>(ક) "અગિયારમા ધોરણની" એ શબ્દો કમી કરવા.<br>(ખ) "ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી" એ શબ્દોને બદલે "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી" એ શબ્દો મૂકવા. |
| | ૭. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૮૬ (સન ૧૯૮૬નો ગુજરાતનો ૨૨મો) | (૧) કલમ ૧૬માં, પેટા-કલમ (૧)માં,-<br>"વર્ગ-૧લો. હોદ્દાની રૂએ સભ્યો" એ શીર્ષક હેઠળ, પરિચ્છેદ (ખ)માં, ખંડ (૪)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :-<br>"(૪) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ".<br>(૨) કલમ ૫૦માં, ખંડ (૧)માં,<br>(ક) "અગિયારમા ધોરણની" એ શબ્દો કમી કરવા.<br>(ખ) "ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી" એ શબ્દોને બદલે, "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામાં આવતી" એ શબ્દો મૂકવા.] |

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.